
સમગ્ર ગુજરાતના કોઈપણ ખૂણામાં વસતો વાળંદ બંધુ શિક્ષિત, સંસ્કારી, સ્વાશ્રયી, સુખી અને શહેરી બને તે ધ્યેય દૃષ્ટિ સમક્ષ રાખીને કાર્યરત સંગઠન એટલે ગુજરાત વાળંદ સેવા સંઘ

# વાળંદ વિકાસ



દરેક અંગ્રેજી મહિનાની બીજી તારીખે પ્રસિદ્ધ થાય છે


વર્ષ : ૬૮ ● અંક - ૫ ● મે ૨૦૨૪ ● છૂટક પ્રત રૂા. ૧૦/-

આદ્યતંત્રી : સ્વ. મોહનલાલ મુળજીભાઈ વાળંદ (મેજીસ્ટ્રેટ)


-: 'સંઘ'ના સંસ્થાપકો :-



સ્વ. મોહનલાલ વાળંદ




સ્વ. રેવાભાઈ નાયી



સ્વ. ગોરધનદાસ દલાલ




-: 'સંઘ'ના ઉધ્ધારકો :-



સ્વ. જ્યોતીન્દ્રભાઈ નાયી



સ્વ. શારદાબેન નાયી



સ્વ. કાંતિભાઈ નાયી

## નવીન બહુમાળી સમાજ ભવન

## સાંસ્કૃતિક અને શૈક્ષણિક ઉત્થાનરૂપી નવિન વિદ્યાર્થીગૃહ ઇમારતનું ભવ્ય નજરાણું

**સમાજ સંકલ્પ કરે છે. આ ગૌરવરૂપ પ્રોજેક્ટ આપ સર્વેના સાથ-સહકાર થકી સમાજમાં શૈક્ષણિક ક્રાંતિનું પ્રતિબિંબ બની રહેશે.**

બેંક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા
બેંક ખાતા નં. ૧૦૦૨૯૮૪૧૨૧
**ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદ**
સ્થાપના ૨૦ એપ્રિલ, ૧૯૫૭,
પબ્લિક રજિ. નં. એ-૧૮૨૪

દાન જમા કરાવવા માટે ક્યુઆર કોડ

**નમ્ર અપીલ : સમાજનો કોઈ જ્ઞાતિબંધુ આ શૈક્ષણિક ભવનમાં યથાયોગ્ય દાન આપ્યા વિના ન રહી જાય તેવી વિનંતી.**

**નોંધ : આ પ્રોજેક્ટ માટે સંસ્થાને આપેલ દાન આવકવેરા ધારાની કલમ 80(G) હેઠળની જોગવાઈ મુજબ કરમુક્તિને પાત્ર છે.**

# BIO-DATA



## Yash Pareshkumar Gandhi

Date of Birth : 25th July, 1996
Height : 5 feet 4 inches
Religion/Caste: Hindu
Education : MBA
Information Technology
Occupation : Design and Operations
Head at IT company

### FAMILY DETAILS (GANDHI FAMILY NADIAD)

Father : Late. Pareshkumar Jasvantlal Gandhi
Mother : Jagruti Pareshkumar Gandhi (HR Manager)

### MATERNAL FAMILY (MOSAD PAKSH)

GrandFather : Late Balmukundbhai Dahyabhai Sharma
Mama : Shreyas Balmukundbhai Sharma
Somnath Society, Odhav, Ahmedabad, Gujarat, India
Phone : 9898554113

### LIFE PARTNER

- Education Equivalent
- Cultured in nature
- Good family background
- Well settled family

### Contact Details

Phone : 9726331570
Address : D1002 Shreeji Towers, Opp Himalaya Mall, Drive-in Road, Vastrapur, Ahmedabad, Gujarat, India – 380052

# ગુજરાત વાળંદ સેવા સંઘ

(પબ્લીક ટ્રસ્ટ રજી. નં. ૧૮૨૪)


**: પ્રમુખ :**

**શ્રી વિપુલભાઈ વી. દલાલ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૪૫૨૫૨૪૪, વોટ્સેપ નં. +1 (678) 677-0003

**: મંત્રી :**

**શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય (ટ્રસ્ટી)**
મો. ૭૪૦૫૮૨૮૯૫૫

: ઉપપ્રમુખ :

**શ્રી સંજયભાઈ ચંદુલાલ પારેખ (ટ્રસ્ટી)**
મો. ૯૯૦૯૦૦૧૯૭૦

**શ્રી પંકજભાઈ કે. નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૦૯૮૮૮૭

**શ્રી મહેન્દ્રભાઈ રતિલાલ બાવરિયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૬૩૪૨૫૬

**શ્રી  વિજયભાઈ ધીરુભાઈ બગથરીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૦૮૯૦૦૧

**: સહમંત્રી :**

**શ્રી વિજયભાઈ મણીલાલ લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૩૦૫૩૬૨

**શ્રી પ્રવિણકુમાર શીવરામભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૪૨૮૦૦૮૭૫૪

**શ્રી મહેશભાઈ પ્રવીણભાઈ જોટંગીયા (ટ્રસ્ટી)**
મો. ૮૩૪૭૩૮૮૮૮૮

**: કોષાધ્યક્ષ :**

**શ્રી નરોત્તમભાઈ હેમાભાઈ નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૯૮૯૫૯૩૦૫

**: અન્વેષક :**

**શ્રી મૌલિકભાઈ ભરતભાઈ પારેખ (સી.એ.)**
મો. ૯૬૩૮૧૮૦૦૦૭

**: શ્રી પુંધરા વાળંદ વિદ્યાર્થી ગૃહ :**

**ચેરમેન : શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૭૭૬૯૦૦

**વા.ચેરમેન : શ્રી અલ્પેશભાઈ મધુસુદન લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૧૧૧૨૯૫

**મંત્રી : શ્રી દેવેન્દ્રભાઈ લલિતચંદ્ર  કોન્ટ્રાક્ટર (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૬૯૬૮૬૯

**: રેવાબા સાંસ્કૃતિક હૉલ :**

**ચેરમેન : શ્રી અરવિંદભાઈ એસ. દમણી (ટ્રસ્ટી)**
મો. ૯૩૭૭૫૬૦૮૪૨

**વાઈસ ચેરમેન : શ્રી મયુરધ્વજ કે. લિમ્બાચિયા (ટ્રસ્ટી)**
મો. ૯૪૨૬૩૬૭૦૭૭

**મંત્રી : શ્રી એસ. બી. પારેખ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૯૭૫૨૩૬

**: અન્ય ટ્રસ્ટી મંડળ :**

શ્રી સુરેશભાઈ જે. શર્મા (અમદાવાદ)   શ્રી રમેશચંદ્ર પી. લિમ્બાચીયા (પાટણ)   શ્રી બી. ટી. નાયી (પાલ્લા)

**: બિલ્ડીંગ પ્રોજેક્ટ કમિટિ (ઇજનેરી પાંખ) :**

ચેરમેન : શ્રી કાળીદાસ કે. પારેખ, (ટ્રસ્ટી) • વા. ચેરમેન શ્રી ગોપાલભાઈ કે. વાળંદ, (ટ્રસ્ટી) • એન્જિનીયર : શ્રી ભાવિનભાઈ બી. લિમ્બાચિયા મો. ૯૯૨૫૬૦૪૪૪૩

શ્રી હર્ષદભાઈ નાથાભાઈ પારેખ (ટ્રસ્ટી)
શ્રી અરવિંદભાઈ જે. શર્મા (યુએસએ)
શ્રી હરિભાઈ કાનજીભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)
શ્રી સંજયભાઈ સી. પારેખ (ટ્રસ્ટી)
શ્રી મહેશભાઈ જોટંગિયા (ટ્રસ્ટી)
શ્રી કિરીટકુમાર એમ. ભટ્ટી
શ્રી દિલીપભાઈ જે. વાઘેલા
શ્રી હસમુખભાઈ આર. પારેખ

**: હિસાબી-વહિવટી પાંખ :**

શ્રી મફતભાઈ વી. પારેખ
શ્રી જયંતિભાઈ કે. લિમ્બાચિયા
શ્રી નરોત્તમભાઈ એચ. નાયી
શ્રી વિપુલભાઈ વી. દલાલ
શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય

**: એડવાઈઝરી કમિટિ :**

શ્રી શરદભાઈ જે. શર્મા (વિજાપુર)
શ્રી અશોકભાઈ એ. વૈદ્ય (મહેસાણા)
શ્રી પ્રકાશચંદ્ર એન. વૈદ (હિંમતનગર)
શ્રી બિપીનભાઈ આર. વાળંદ (ટીમ્બા, સુરત)
શ્રી ચૈતન્યભાઈ મહાવદિયા (અમદાવાદ)
શ્રી જીતુભાઈ ખરચરિયા (અમદાવાદ)

**: પ્રચાર-પ્રસાર કમિટિ :**

શ્રી રાજેશભાઈ વાજા, સેનબંધુ સમાજ (સુરત)
શ્રી દામજીભાઈ ગોંડલિયા, સેનમિત્ર (રાજકોટ)
શ્રી વિપુલભાઈ વાળંદ સમાચાર (ભાવનગર)
શ્રી રમણભાઈ જી. લિમ્બાચીયા (અમદાવાદ)
શ્રી શશીભાઈ પારેખ (આણંદ)
શ્રી શૈલેશભાઈ એન. નાયી (દિયોદર)

## વાળંદ વિકાસ

Email : valandvikas@valandsevasangh.org

પ્રકાશક : **શ્રી બાલુભાઈ બી. પારેખ**
મો. : ૯૪૨૮૫૦૩૨૯૧
તંત્રી : **શ્રી જયંતીભાઈ કે. લિમ્બાચીયા**
મો. : ૯૪૨૮૦૪૧૦૧૯
સહતંત્રી : **શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી) (પાલ્લા)**
મો. : ૯૪૨૬૩૯૧૩૦૨

| વાર્ષિક લવાજમ | આજીવન લવાજમ |
|---|---|
| દેશમાં રૂા. ૧૫૦/- | દેશમાં રૂા.૧૫૦૦/- |
| પરદેશમાં રૂા. ૧૫૦૦/- | પરદેશમાં રૂા.૧૫૦૦૦/- |

૧. વાળંદ વિકાસ એ જ્ઞાતિના વાચકોને વિવિધ વાંચન સામગ્રી પૂરી પાડતું પ્રિન્ટ મીડિયાનું માધ્યમ છે. તેમાં પ્રસિદ્ધિ પામતું લખાણ સંસ્થાના રેકર્ડમાં જરૂરી રહે છે. જેથી વા.વિ.ને છાપવા માટે લખાણ મોકલનારે ફુલસ્કેપ કાગળ પર ટાઈપ કરી અથવા સારા અક્ષરે પોતાના નામ-સંપર્ક નંબર સહિત લખી કાર્યાલયના સરનામે મોકલી આપવું. બહુ જરૂરી હોય તો લખાણનો ફોટો પાડી વૉટ્સએપથી તંત્રીને મોકલવું. આ સિવાય પોતાના મોબાઈલ પર ટાઈપ કરેલું કે ફોરવર્ડેડ મેસેજ સ્વરૂપનું લખાણ મોકલવું નહિ. આવું લખાણ વાળંદ વિકાસમાં છાપી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી.

૨. વાળંદ વિકાસમાં પ્રસિદ્ધિ માટે આવતું મેટર, લેખ, બહુવિધ સુરુચિ જળવાય તેની યોગ્યતા ચકાસી ઉપલબ્ધ રહેતી જગ્યા અનુસાર સમાવવા પ્રયત્ન કરવામાં આવશે.

૩. વાળંદ વિકાસના લવાજમ, સરનામાં ફેરફાર, અંક ન મળ્યો હોવાની રજુઆત **કાર્યાલયના મેનેજર શ્રી ડાહ્યાભાઈ લિમ્બાચીયાનો સંપર્ક તેમના મો. નં. ૯૫૧૦૦૮૩૩૨૬ પર કરવી.** જે ચકાસણી કરી હકીકત જણાવશે. વ્યાજબી અને પૂરતા અગત્યના કારણો સિવાય તંત્રી-પ્રકાશકને સીધી રજુઆત નહિ કરવા નમ્ર વિનંતી છે.

૪. વાળંદ વિકાસનું લવાજમ કે તેમાં પ્રસિદ્ધ થતા બાયોડેટા, શ્રદ્ધાંજલિ, જ્ઞાતિ-ગૌરવ વિગેરે માટેના દરનાં નાણાં 'વાળંદ વિકાસ'ના નામે એકાઉન્ટ પેઈ ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી મોકલી શકાય છે અથવા નીચેની બેંકની વિગતો મુજબ બેંક ખાતામાં સીધેસીધાં ભરી શકાશે. નાણાં સીધેસીધાં જમા કરાવવાના કિસ્સામાં જમા રસીદની ઝેરોક્ષ નકલ કાર્યલયમાં તુર્તજ મોકલી આપવાની રહેશે તથા કાર્યાલયના ફોન નંબર ૦૭૯-૨૬૩૦૩૦૨૮ પર જાણ કરવાની રહેશે.

| | |
|---|---|
| બેંકનું નામ | : **બેંક ઓફ ઇન્ડિયા** |
| શાખા | : પંચવટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬ |
| બેંક એકાઉન્ટ નં. | : 200110100010827 |
| ખાતાનું નામ | : વાળંદ વિકાસ |
| IFSC Code | : BKID0002001 |
| MICR Code | : 380013040 |

**-: કાર્યાલય :-**
**ગુજરાત વાળંદ સેવા સંઘ,** C/o. સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ કેમ્પસ, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬ ફોન : ૦૭૯-૨૬૩૦૩૦૨૮
www.valandsevasangh.org
Email : valandsevasangh@gmail.com




## તંત્રીની કલમે

# વેકેશન - સમયનો સદુપયોગ જરૂરી

એપ્રિલ માસ પૂરો થવામાં છે, ત્યારે શાળાઓમાં મોટે ભાગે પરીક્ષાઓ પૂરી થઈ ગઈ છે. ક્યાંક પરિણામો કદાચ બાકી હોવાથી તેની રાહ જોવાઈ રહી હશે. શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ તો પરીક્ષા પૂર્ણ થતાં જ વેકેશનનો માહોલ અનુભવતા જોવા મળે છે. જો કે અસલી વેકેશન તો પરિણામ બાદ જ ગણાય. વર્ષભરની શૈક્ષણિક વ્યસ્તતા અને પરીક્ષાના તણાવમાંથી મુક્તિ મળ્યા બાદ વિદ્યાર્થીઓ હળવાશ અનુભવશે. રોજબરોજના ભણતર, ગૃહકાર્ય, એસાઈનમેન્ટ, પ્રોજેક્ટ વિગેરે યાદ રાખવાની ઝંઝટ હાલ પૂરતી નહિ રહે. વાલીઓ પણ પોતાના સંતાનોની પરીક્ષાઓ પૂર્ણ થયા બાદના સમયને હળવાશથી લેતા હશે, નિરાંત અનુભવતા હશે. તો કેટલાક વેકેશનમાં હરવા-ફરવા જવાના આયોજનમાં પણ પડ્યા હશે. બાળકો વેકેશનમાં મોજ-મજા, મસ્તી માણે, હરવા ફરવા જાય તે બધું બરાબર છે. પણ આ ૩૦-૪૦ દિવસો જે રજાના છે તેમાં બાળકોને ગમ્મત સાથે જ્ઞાન મળે, તેમનામાં કૌશલ્યવર્ધક પ્રવૃત્તિોમાં રુચિ વધે, ખેલકૂદ, કળા-સંસ્કૃતિ વિગેરેમાં રસ લેતા થાય - ઈતર વાંચન થકી જ્ઞાન અર્જિત થાય તેવો પણ થોડો ઘણો માહોલ રચાય તો સોનામાં સુગંધ ભળે, કેમકે આ ૩૦-૪૦ દિવસો હળવાશની સાથે સાથે નવીનતમ પ્રવૃત્તિઓ થકી નવિન ઊર્જા સંચિત કરવાનો મોકો પૂરો પાડે તેમ છે. આ માટે બીજું કોઈ નહિ પણ ખૂદ માતા-પિતા જ બાળકો માટે દીવાદાંડી સમ બની શકે.

વેકેશનના સમયનો વિદ્યાર્થીઓ રચનાત્મક રીતે ઉપયોગ કરે તેવી ભૂમિકા તૈયાર કરવામાં મોટેરાંઓએ તત્પરતા દાખવવી જોઈએ. ખાસ કરીને દશ વર્ષ સુધીનાં કૂમળા માનસનાં સંતાનોમાં સંસ્કાર સિંચન તથા એક ઉમદા નાગરિક તરીકેના ઘડતરનો આ શ્રેષ્ઠ સમય છે. તેમનામાં નાગરિક તરીકેની ફરજો પ્રત્યે જાગૃતિ-સભાનતાની ટેવો કેળવાય (ઈશદશભ જયક્ષતય), સ્વચ્છતાનું મહત્ત્વ સમજી તેનો અમલ કરે તે જોવાની માતા-પિતાની ફરજો બની રહે છે. કહેવાય છે કે 'કૂમળો છોડ વાળીએ તેમ વળે' આથી

આ ઉંમરના બાળકો વેકેશનના મુક્ત અને નવરાશના વાતાવરણમાં મોબાઈલમાં ગેઈમ રમવા કે ટીવી સામે બેસી રહેવાનો અતિરેક ન કરે પરંતુ જ્ઞાન-ગમ્મતવર્ધિક પ્રવૃત્તિ, રમત ગમત, ચિત્રકામ જેવી કળા વિગેરે પાછળ પણ સમય કાઢી રસ લે તેવો માહોલ ઊભો થાય તો તે તેમના જ ભાવિ વિકાસ - જીવન ઘડતરમાં ઉપયોગી થાય. જીવન ઘડતરમાં સંસ્કાર અમૂલ્ય છે. સંસ્કારો ધન ખર્ચવાથી મેળવી શકાતા નથી. નાના બાળકોમાં સારી સુચારુ રીતભાત, નમ્રતાભર્યો વ્યવહાર, વડીલો પ્રત્યે આદર ભાવ શીખે, માતૃભાષાનું સારું જ્ઞાન હોય આ બધાની પાછળ સમય ફાળવવાની તક વેકેશનમાં વધુ મળે છે. આ દિવસો સિવાય, હાલના વ્યસ્ત જમાનામાં માતા-પિતાને પણ કદાચ સમય મળતો નહિ હોય, ખરા અર્થમાં જોઈએ તો વેકેશન માત્ર મોજ-શોખ, ટીવી-ફિલ્મ વિગેરે પાછળ સમય વેડફવાના અતિરેક માટે નથી. સાથે સાથે એ પણ ન ભૂલાય કે 'વેકેશન'એ બાળકોનો અમૂલ્ય ખજાનો છે. બાળકોને શિસ્તના પાઠ ભણાવવા અને ચારિત્ર્ય ઘડતરમાં એને વહાલ  અને સહાનુભૂતિની પણ જરૂર છે. વધુ પડતા લાડપ્યારથી ક્યાંક બાળક અળવીતરું થશે કે મોઢે ચડી જશે તેવી ભીતિમાં ક્યાંક તેની સાથેના સ્નેહતંતુ તૂટે નહિ તેની ચીવટ રહેવી જોઈએ.

બાળકોમાં આજકાલ ખેલકૂદનું પ્રમાણ ઓછું થઈ રહ્યું છે. કારણ કે વહેલા ઉઠી સમયસર શાળાએ જવાનું, ઘેર આવ્યા બાદ હોમવર્ક, પ્રોજેક્ટ, ટ્યુશન, કોમ્પ્યૂટર્સ ક્લાસ વિગેરે પાછળ વ્યસ્તતા વચ્ચે ખેલકૂદ માટે કદાચ ફૂરસદનો સમય મેળવવાનું દુષ્કર હશે. વેકેશન એ જ માત્ર આમાંથી હળવા થવાનો માહોલ રચે છે. બાળકોમાં ખેલકૂદનું કૌશલ્ય વિકસે અને ખાસ કરીને કબડ્ડી, ખો-ખો, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, સ્વીમીંગ તથા હળવો વ્યાયામ મળે તેવી રમતો તરફ રુચિ વધે, તેનું પ્રોત્સાહન આપવાની માતા-પિતાની ફરજ છે.

વેકેશનમાં બાળકોમાં આળસ-પ્રમાદ વધે નહિ પણ ઘરમાં પૂરાઈ બેઠાડું બનીને આંખોને નુકસાન થાય તે હદે ટીવીની ચેનલો, કોમ્પ્યૂટર્સ, લેપટોપ કે મોબાઈલ પર ગેમ રમવાની આદત વધુ વિકસે તે પહેલાં બાળકોને અટકાવવા જોઈએ. રોજબરોજ થોડું શ્રુતલેખન કરવાનો મહાવરો પાડી તેમના અક્ષરો સુધારવા પણ સમજાવી શકાય. પરિવાર સાથે વેકેશનમાં હિલ સ્ટેશન, દરિયા કિનારે, જંગલો, ધાર્મિક સ્થળો વિગેરેના પ્રવાસ-યાત્રામાં જતાં માતા-પિતાએ બાળકોને જે સ્થળની મુલાકાતે જાય તેનું ઐતિહાસિક-ભૌગોલિક શું મહત્ત્વ છે. આ સ્થળનું સાંસ્કૃતિક મહત્ત્વ તથા તેની વિરાસત, જે ઘટના સાથે સંકળાયેલ હોય તે, વિગેરેની સમય કાઢી વિસ્તૃત માહિતી આપવી ઘટે. કેમકે આ બધી સ્મૃતિઓ બાળકને માટે આજીવન મૂડી બની જતી હોય છે.

આજની પેઢીમાંથી વાંચન સાવ અદશ્ય થઈ રહ્યું છે. દૈનિક ઝીણવટથી વાંચતાં કંટાળતા હોય તો સારા પુસ્તકો વાંચવામાં તો ક્યાંથી રુચિ હોય ? ખાસ કરીને વીસ-પચીસ વર્ષની વય-જુથના યુવા મિત્રો આ અતિ મહત્ત્વની સુટેવ પાડે, રોજબરોજ મહાવરો રાખે તે તેમનામાં સુષુપ્ત રહેલી આંતરિક શક્તિઓને બહાર લાવવામાં - ખીલવવામાં ઉપયોગી બની શકે તે નિઃશંક છે. આપણી માતૃભાષા ગુજરાતી સાહિત્યનો વારસો જાજરમાન અને ગૌરવપ્રદ છે. પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન યુગના ખમતીધર સાહિત્યકારોએ પોત-પોતાના સમયમાં ઉત્કૃષ્ટ કહી શકાય તેવી એક એકથી ચડિયાતી સાહિત્યિક કૃતિઓની - વાચકોને ભેટ ધરી છે. આમાંથી જે પણ કૃતિઓ રસ પડે તેવી હોય તે વાંચવની ટેવ-મહાવરો રાખવો જોઈએ. શક્ય હોય તો નજીકના પુસ્તકાલયના સભ્ય બની સમય કાઢી નિયમિત તેની મુલાકાતે જઈ વાંચન ક્ષુધા સંતોષવી જોઈએ. પર્યાવરણને લગતી માહિતી આપે તેવું શિષ્ટ વાંચન-મહાપુરુષોના જીવન-કવન, લોકસાહિત્યની રસપ્રદ સરવાણી, વીસથી પચ્ચીસ વર્ષની વય જુથના તરુણો માટે આધુનિક સંચાલનના સિદ્ધાંત, ચાણક્ય-વિદૂર નીતિ, નીતિશતક, પંચતંત્ર-સંસ્કૃત સુભાષિતના ગુજરાતી અનુવાદ વગેરે જેવું આદર્શવાદી વાંચન તેમના જીવનને ઇચ્છિત રાહ ચીંધવામાં અસરકારક બની શકે.

ટૂંકમાં કહીએ તો વેકેશનમાં યોગ્ય દિશામાં કરેલું સમયમનું રોકાણ - ભાવિ જીવનમાં ઊંચા વળતરરૂપી ડિવિડન્ડ આપનારું બની શકે તેમ ચોક્કસ માની શકાય. માતા અને પિતા બંને આ દિશા તરફ બાળક ઢળે તે માટે ઉદ્દીપક બની શકે. આ બાબત કદાચ નાની લાગે પણ શાંત-ચિત્તે બેસી વિચારી તેનો અમલ થવાથી ઊનાળાની આમના રસની જેમ તેમાંથી ભાવિ-પેઢીના ઘડતર રૂપી મીઠાશ મળ્યાનો અહેસાસ થવાનું ચોક્કસ અનુભવાશે.

(પુનઃ પ્રકાશિત)

જય સચ્ચિદાનંદ

**જયંતિભાઈ કે. લિમ્બાચિયા**



## પ્રમુખશ્રીની કલમે

સન્માનનીય જ્ઞાતિજનો,

નમસ્કાર.

ગુજરાત વાળંદ સેવા સંઘના નવિન બહુમાળી ભવનના નિર્માણનું કાર્ય ચાલી રહ્યું છે ત્યારે હું છેલ્લા એકાદ વર્ષથી દર માસે વાળંદ વિકાસના માધ્યમથી આપ સાથે જોડાયેલો રહું છું. અને વખતોવખતની પ્રગતિ-ગતિવિધિથી આપને વાકેફ કરતો આવ્યો છું. આપણે જેના માટે સતત ચિંતનશીલ અને પ્રયત્નશીલ છીએ તે આ નવિન મકાન શક્ય તેટલું જલ્દીથી પરિપૂર્ણ થાય તે માટે આપના સહયોગની અમારે આવશ્યકતા છે. **'કાંકરે કાંકરે પાળ બંધાય અને ટીપે ટીપે સરોવર ભરાય'** એ ઉક્તિ સાર્થક થાય તે રીતે રાજ્યભરમાં ખૂણે ખૂણે વસતાં આપણા હજારો જ્ઞાતિજનો સ્વયંભૂ પ્રેરિત થઈ ઓછામાં ઓછા એક ચો. ફૂટ બાંધકામ પેટે રૂા.૫,૧૫૧/- લેખે કમસે કમ દાન તો આપે જ અને કોઈ દાન આપ્યા વગર રહે નહિં તેવી મારી આશા અને અપીલ છે. આપ ઘેર બેઠાં રકમ જમા કરાવી શકો એ માટે ગુ. વા. સેવા સંઘના બેન્ક એકાઉન્ટની વિગત દર્શાવતો ક્યુઆર કોડ આપને દર માસના વાળંદ વિકાસના મુખપૃષ્ઠ-૧ પર ઉપલબ્ધ કરાવેલ છે જે સ્કેન કરી વિના સંકોચે અને ઉદારતાથી આપ એક ચો. ફૂટ અથવા વધુના બાંધકામ પેટે ઇચ્છાનુસારની રકમ જમા કરાવી શકો છો અને કાર્યાલયનો સંપર્ક કરી આપનું પૂરું નામ, સરનામું, સંપર્ક નંબર ઉપલબ્ધ કરાવશો જેથી આપને સંસ્થાની પાકી પહોંચ પાઠવી શકાય.

એપ્રિલ-૨૦૨૪ માસમાં ગુજરાત વાળંદ સેવા સંઘના મોટા ગજાના દાતા પરિવાર ઓડના વતની અમદાવાદ ખાતે સ્થાયી થયેલા જીવણલાલ એન્ડ સન્સ પરિવારમાંથી શ્રીમાન અરવિંદભાઈ જીવણલાલ શર્મા (હાલ યુ.એસ.એ.) તરફથી રૂા. ૧૦,૦૦,૦૦૦/- લાખ દાન આ નવિન સમાજભવન માટે આપેલ છે. એક વર્ષ અગાઉ પણ તેમણે રૂપિયા દસ લાખ આપેલ છે. આમ રૂપિયા વીસ લાખનું માતબર દાન તેમણે આપી ગુ. વા. સેવા સંઘ પ્રત્યેનો તેમનો લગાવ, સમાજના ઉત્કર્ષ માટેની પ્રવૃત્તિમાં તેમની સમર્પિતતાનાં દર્શન કરાવ્યાં છે. તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. બીજા એક દાતા ગુ. વા. સેવા સંઘના વર્ષો સુધી ટ્રસ્ટી રહી ચૂકેલા સુરત સ્થિત સમાજશ્રેષ્ઠી શ્રીમાન દિલીપભાઈ જે. વાઘેલાએ જાહેર કરેલ દાન પેટે રૂા. ૫,૫૫,૫૫૫/- ની રકમના ચેકો આપીને સંસ્થાના આ કાર્ય માટે તેમની ઉમદા અને ઉદાર લાગણી દર્શાવી છે. આ ઉપરાંત સમાજના અગ્રણી દાતા અમદાવાદ સ્થિત શ્રી નંદકિશોર આર. પારેખ તરફથી બે માસમાં કુલ મળી રૂપિયા પાંચ લાખ રૂપિયાનું દાન આપેલ છે. તો ગુજરાતની રાજ્યકક્ષાની બીજી એક સંસ્થા ગુજરાત પ્રાંતિક નાયી સભાના પ્રમુખ ડૉ. શ્રીમતિ કોકિલાબેન પી. પારેખે પણ જાહેર કરેલ રૂપિયા એકાવન હજારનું દાન ચાલુ માસમાં જમા કરાવેલ છે. એપ્રિલ માસ દરમ્યાન તમામ મળેલ/જાહેર થયેલ દાનની યાદી આ અંકમાં પ્રસિદ્ધ થઈ છે.

સહુ નામી-અનામી દાતાશ્રીઓનો હૃદયથી આભાર વ્યક્ત કરું છું. ટ્રસ્ટીમંડળના મારા સાથી ટ્રસ્ટીમિત્રોએ મારી અપીલને માન આપી પોતપોતાના સંપર્કો થકી દાન લાવી આપવાના પ્રયાસો કર્યા છે તેમને પણ બિરદાવું છું. ઉપપ્રમુખ શ્રી વિજયભાઈ બગથરીયા અને ચેરમેન શ્રી મુકેશભાઈ પી. નાયીએ આપણા બિલ્ડીંગ પ્રોજેક્ટની વિગત એમ્બોસ કરેલી ઘડિયાળો (ક્લોક) બનાવવાનું બીડું ઝડપી દરેક સલૂનમાં/પોતપોતાના સંપર્ક વર્તુળમાં વિતરણ કરવાના જે અથાક પ્રયાસો કરી દાન મેળવી રહ્યા છે. તે પણ સરાહનીય છે. ટૂંકમાં કહું તો બિલ્ડીંગ પ્રોજેક્ટ નિર્માણના ભગીરથ કાર્યમાં સહુનો સહિયારો પ્રયાસ અને સમાજમાંથી વ્યાપક સહયોગ મળશે તો ચોક્કસથી લક્ષ હાંસલ કરી શકાશે તેવો વિશ્વાસ રાખું છું.

**આપનો**
**વિપુલ વી. દલાલ**
**પ્રમુખ, ગુજરાત વાળંદ સેવા સંઘ**

## ગુજરાત વાળંદ સેવા સંઘના નવિન બિલ્ડીંગ માટે માર્ચ માસમાં જમા/જાહેર થયેલ દાનની યાદી

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૧૦,૦૦,૦૦૦/- | શ્રી અરવિંદભાઈ જીવણલાલ શર્મા, અમદાવાદ (યુ.એસ.એ.) |
| ૫,૫૫,૫૫૫/- | શ્રી દિલીપભાઈ જાદવજી વાઘેલા, સુરત પૂર્વ ટ્રસ્ટીશ્રી, ગુ.વા.સેવા સંઘ |
| ૨,૫૦,૦૦૦/- | શ્રી નંદકિશોરભાઈ આર. પારેખ, અમદાવાદ |
| ૧,૧૧,૧૧૧/- | સ્વ. રમણીકલાલ જેઠાલાલ ચારોલા (હળવદવાળા) હસ્તે મનીષભાઈ રમણીકલાલ ચારોલા, અમદાવાદ પરેશભાઈ રમણીકલાલ ચારોલા, હળવદ |
| ૫૧,૫૧૦/- | શ્રી સચિનભાઈ (લલિત) રમેશભાઈ જોટંગીયા, અમદાવાદ |
| ૫૧,૦૦૦/- | શ્રી કુંદનબેન દિપકભાઈ લાંઘણોજીયા |
| ૫૧,૦૦૦/- | ડૉ. શ્રીમતી કોકિલાબેન પોપટલાલ પારેખ, અમદાવાદ પ્રમુખશ્રી ગુજરાત પ્રાંતિક નાયી સભા |
| ૨૫,૫૫૫/- | શ્રી કોડીનાર તાલુકા સમસ્ત વાળંદ સમાજ દ્વારા હસ્તે શ્રી કિરણકુમાર ધીરજલાલ ચુડાસમા |
| ૨૫,૦૦૦/- | શ્રી કિરીટભાઈ એમ. ભટ્ટી, અમદાવાદ |
| ૨૫,૦૦૦/- | શ્રી સીતાબેન હરીભાઈ નાયી, સુશીયા, તા. પાટડી, જિ. સુરેન્દ્રનગર |
| ૨૧,૦૦૦/- | શ્રી મફતલાલ ખેતારામ મકવાણા, અમદાવાદ |
| ૧૧,૧૧૧/- | શ્રી ચંદ્રકાંતભાઈ બાવળીયા, રાજકોટ |
| ૧૧,૦૦૦/- | સ્વ. અંબાલાલ ઈશ્વરભાઈ વૈદ્ય, અમદાવાદ હ. શ્રી દીપેશભાઈ એ. વૈદ્ય |
| ૧૦,૩૦૨/- | શ્રી રાજેશભાઈ મગનભાઈ જોટંગીયા, અમદાવાદ |
| ૧૦,૩૦૨/- | શ્રી રમેશભાઈ મનજીભાઈ જોટંગીયા, અમદાવાદ |
| ૧૦,૨૫૩/- | શ્રી કર્નલ વિનોદભાઈ શર્મા, વડોદરા |
| ૧૦,૨૦૦/- | શ્રી સુનિલભાઈ પુરુષોત્તમદાસ શર્મા, અમદાવાદ |
| ૫,૫૦૦/- | શ્રી રમેશભાઈ શાંતિલાલ નાયી, અમદાવાદ |
| ૫,૧૫૧/- | શ્રી અંકિતભાઈ ધીરુભાઈ જોટંગીયા, અમદાવાદ |
| ૫,૧૫૧/- | શ્રી ભાવિનભાઈ બટુકભાઈ રાઠોડ, અમદાવાદ |
| ૫,૧૫૧/- | શ્રી પ્રતિકભાઈ રામભાઈ જોટંગીયા, અમદાવાદ |
| ૫,૧૫૧/- | શ્રી મુકેશભાઈ રમણીકભાઈ બગથરીયા, અમદાવાદ |
| ૫,૧૫૧/- | સ્વ. ભારતીબેન ગોરધનભાઈ પારેખ, હ. ઈન્દ્રનીલ ગોરધનભાઈ પારેખ, ઈસનપુર, અમદાવાદ |
| ૫,૧૫૧/- | શ્રીમતિ પ્રેમીલાબેન અરવિંદભાઈ પારેખ, અમદાવાદ |
| ૫,૧૫૧/- | શ્રી નિકુંજભાઈ નવિનભાઈ દેસાઈ, અમદાવાદ |
| ૫,૧૫૧/- | શ્રી સંજયકુમાર ચંદુલાલ લિમ્બાચીયા, વડનગર, હાલ અમદાવાદ |
| ૫,૧૫૧/- | શ્રી રવિભાઈ નવનીતભાઈ શર્મા, અમદાવાદ |
| ૫,૧૫૧/- | શ્રી અશોકભાઈ મફતલાલ પારેખ, અમદાવાદ |
| ૫,૧૫૧/- | શ્રી નીરવભાઈ દિનેશભાઈ પારેખ, અમદાવાદ |
| ૨૧૦૦/- | શ્રી રમેશભાઈ બાબુભાઈ ચાવડા, ધ્રાંગધ્રા |

### ગત માસના નામમાં સુધારો

| | |
|---|---|
| ૫,૧૫૧/- | સવિતાબા સ્મૃતિ પરિવારના હસ્તે શ્રીમતિ કૈલાસબેન ત્રિભોવનદાસ એન. પારેખ, બોરીયાવી, હાલ આણંદ |

'વાળંદ વિકાસ'માં પ્રસિદ્ધ થનાર લખાણની જવાબદારી તેના પ્રેષકની રહેશે. ગુજ. વા. સ. સંઘ, તંત્રી કે સંપાદક મંડળ હંમેશા તેની સાથે સહમત છે તેવું માનવું નહિ. – તંત્રી, વા.વિ.

# પ્રાદેશિક સમાચાર

**શ્રી બેતાલીસ જુથ વાળંદ જ્ઞાતિ સમાજ ટ્રસ્ટ**
**શ્રી લિંબચધામ, કટોસણરોડ, તા. દેત્રોજ, જિ. અમદાવાદ**

## શ્રી લિંબચધામ ખાતે સોળમા પાટોત્સવની ઉજવણી

આ ટ્રસ્ટના ઉપક્રમે શ્રી લિંબચધામ, કટોસણ રોડ ખાતે સમસ્ત જ્ઞાતિના કુળદેવી મા લિંબચનો સોળમો પાટોત્સવ હર્ષોલ્લાસ અને ધામ-ધૂમપૂર્વક જ્ઞાતિજનોની સારી એવી સંખ્યામાં ઉપસ્થિતિ વચ્ચે યોજાઈ ગયો.

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ વાર્ષિકોત્સવ ચૈત્રી પૂનમને મંગળવાર તા. ૨૩-૪-૨૦૨૪ના રોજ સવારના ૮-૩૦ કલાકે **શ્રી ઘનશ્યામભાઈ મહેન્દ્રભાઈ લિમ્બાચીયા (ચુ. ડાંગરવાના વતની)ના પ્રમુખ યજમાન પદે** અન્ય ત્રણ યજમાનોના સહવાસમાં વિદ્વાન ભૂદેવોની મારફતે શાસ્રોક્ત વિધિવિધાનપૂર્વક યજ્ઞ કાર્યનો પ્રારંભ થયો હતો તથા યજ્ઞના દર્શનાર્થે પધારેલ શ્રદ્ધાળુ જ્ઞાતિજનો ભાવપૂર્વક શાંતિથી પ્રસંગનો લાભ લઈ રહ્યા હતા અને સવારના અગિયાર વાગ્યા સુધીમાં તો સંકુલ મોટી સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિથી ભરાઈ ગયું હતું. આ પ્રસંગે ચાંદલોડિયા અમદાવાદથી વિખ્યાત કથાકાર એવા પરમ શ્રદ્ધેય પૂજ્ય શ્રી કિશોરી બાપુ આમંત્રણને માન આપી પધાર્યા હતા અને પ્રસંગની દિવ્યતામાં અભિવૃદ્ધિ થઈ હતી. આપણા આ લિંબચધામમાં ગઈ દેવદીવાળીએ નવ દિવસ સુધી શ્રીમદ્ દેવીભાગવત કથાનું આયોજન થયું હતું જેમાં વક્તાપદે વંદનીય શ્રી કિશોરીબાપુની મધુર વાણીમાં દેવી ભાગવત કથાના શ્રવણનો જે લાભ મળ્યો હતો તેનાં સંસ્મરણો સહુને તાજાં થયાં. આ એક સ્મરણીય પ્રસંગ સદા માટે યાદગાર બની રહેલ છે.

આજે યજ્ઞાદિ કાર્યની પૂર્ણાહૂતિ વચ્ચે સહુ જ્ઞાતિજનોએ ભોજનપ્રસાદ ગ્રહણ કર્યા બાદ બપોરે ૧-૩૦ કલાકે શ્રી લિંબચધામની પડાળીમાં દાતાશ્રીઓ અને આમંત્રિત મહાનુભાવોને સન્માનવાનો સમારોહ યોજાઈ ગયો. સભામાં શ્રી કિશોરી બાપુએ આશીર્વચન પાઠવી આપણી સંસ્થા માટે પોતાનો ખૂબ રાજીપો વ્યક્ત કરી હજુ પણ ઘણો વિકાસ થાય, આપણા સમાજના લોકોની સુખાકારીમાં વધારો થાય તેવી શુભેચ્છાઓ પાઠવી અને સાક્ષાત મા જગદંબા સમાન શ્રી લિંબચ માતાજી પ્રત્યે હંમેશ આવી જ શ્રદ્ધા, આસ્થા અને ભક્તિ જળવાઈ રાખવા શુભકામનાઓ પાઠવી હતી. સમારોહમાં પ્રમુખ શ્રી ગોપાળભાઈ એમ. લિમ્બાચીયાએ સૌને આવકારી અભિવાદન કર્યું હતું. આજના પ્રસંગે શ્રી કિશોરિ બાપુ તથા નવચંડી યજ્ઞના મુખ્ય ભૂદેવ શ્રી લાલભાઈ વ્યાસ તથા આ ધામના મહંત શ્રી કનુભાઈ જમનાદાસ સાધુને પુષ્પહાર તથા શાલથી સન્માનિત કર્યા બાદ આજના પ્રસંગના ભોજનપ્રસાદ તથા અન્ય દાતાશ્રીઓને શાલથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

દરમ્યાન સંસ્થાના મંત્રી શ્રી જયંતિભાઈ કે. લિમ્બાચીયા-રૂદાતલ તરફથી આ સંસ્થાની પ્રવૃત્તિઓ તથા સહુના યોગદાનની છણાવટ કરી. શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી કનુભાઈ રાજપુરીયાએ પણ આ પ્રસંગે ઉચિત ભાવ વ્યક્ત કરતું પ્રવચન કર્યું હતું.

આગામી વર્ષના દાતાઓમાં દેવદિવાળી સંવત ૨૦૮૧ના અન્નકૂટના ભોજન તથા રૂ. ૨૧૦૦૦/-ના અન્નકૂટના દાતાશ્રી રસિકભાઈ રામાભાઈ નાયી-અંબાસણ (હાલ સિદ્ધપુર) છે. સંવત ૨૦૮૨ના રૂ. ૨૧,૦૦૦/-ના અન્નકૂટના દાતાશ્રી નારણભાઈ રામદાસ વાળંદ-ચું. ડાંગરવા (હાલ મહેસાણા) તથા સંવત ૨૦૮૩ના રૂ. ૨૧,૦૦૦/- અન્નકૂટના દાતા શ્રી ઉર્વશીબેન દર્શનકુમાર વાસુલાલ ખાવડ (મુદરડા) છે. ચૈત્રી પૂનમ પાટોત્સવ પ્રસંગે સંવત ૨૦૮૧ના યજ્ઞના મુખ્ય પાટલાના રૂા. ૧૫,૦૦૦/-ના મનોરથી શ્રી પંકજભાઈ અમૃતભાઈ વાળંદ-ખદલપુર છે. આ પ્રસંગના ભોજનપ્રસાદ પેટે રૂા. ૧૧,૦૦૦/-ના દાનની જાહેરાત પ્રમુખ શ્રી ગોપાળભાઈ એમ. લિમ્બાચીયાએ કરી તથા રૂા. ૫૧૦૦/-ના દાનની જાહેરાત લીંચના વતની (હાલ આંબલીયાસણ) ગં. સ્વ. જડીબેન શંકરભાઈ નાયી હસ્તે અનિલભાઈ શંકરભાઈ નાયી તરફથી થઈ છે. સંવત ૨૦૮૨ના પાટોત્સવના યજ્ઞના મુખ્ય પાટલાના મનોરથીની શ્રી પ્રદીપભાઈ અનિલભાઈ વાળંદ તરફથી જાહેરાત કરવામાં આવી છે. ભોજનપ્રસાદ તથા અન્ય દાનની જાહેરાત માટે ઇચ્છુક કોઈપણ ભાવિક જ્ઞાતિજન સંસ્થાના કોઈપણ ટ્રસ્ટી કે કારોબારી સમિતિના સભ્યનો સંપર્ક કરી નોંધણી કરાવી શકે છે.

આજે આમંત્રણને માન આપી પધારેલા એવા આપણી સંસ્થાના મંત્રી શ્રી જયંતિભાઈ કે. લિમ્બાચીયાના મિત્ર અને મા. લિંબચ પ્રત્યે શ્રદ્ધા ધરાવનાર શ્રી જયંતિભાઈ એ. પટેલ, મણિનગર, અમદાવાદનાએ આપણા સંકુલમાં ખૂલ્લા મેદાનમાં જે બ્લોક નાખવાનું કામ ચાલે છે તેના

માટે રૂા. ૩૧,૦૦૦/-ના દાનની જાહેરાત કરી હતી જેને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવી. શ્રી જયંતિભાઈ પટેલ એક વર્ષની લિંબચ માતાજીની સાડીઓના પણ દાતા છે. આ સંસ્થા તરફથી તેમનો આભાર વ્યક્ત કરી તેમને શાલથી સન્માનિત કરવામાં આવ્યા.

અંતમાં આભારવિધિ થયા બાદ સભા સંપન્ન કરવામાં આવી. સભાનું સંચાલન ટ્રસ્ટીમંડળના યુવા અને ઉત્સાહી ટ્રસ્ટીશ્રી રાજેન્દ્રભાઈ જી. વાળંદે સુચારુ ઢબે સચોટપણે કર્યું. તેમનો પણ આભાર. છેલ્લા સોળ વર્ષથી સંસ્થામાં એકબીજાના પૂરક બની ખભેખભા મિલાવી દરેક ટ્રસ્ટીઓ પોતપોતાની કામગીરી ખંતથી અદા કરે છે. આ સફળતાનો યશ સંસ્થાના ઉત્સાહી, અજોડ અને પૂર્ણનિષ્ઠ કાર્યદક્ષ પ્રમુખશ્રી ગોપાળભાઈ એમ. લિમ્બાચીયાની ઉદાહરણીય દોરવણી તથા જાત મહેનત અને ટીમવર્કની એકતાને જાય છે. શ્રી લિંબચ માતાજીની અસીમ કૃપા સહુ પર વરસતી રહે એ જ અભ્યર્થના.

**જયંતિભાઈ કે. લિમ્બાચીયા, મંત્રી**
**શ્રી બેતાલીસ જુથ વાળંદ જ્ઞાતિ સમાજ ટ્રસ્ટ**

## લિંબાચીયા તેર સેવા સમાજ ટ્રસ્ટ, અમદાવાદ

લિંબાચીયા તેર સેવા સમાજ ટ્રસ્ટ, અમદાવાદના નેજા નીચે તા. ૨૩-૪-૨૦૨૪ને મંગળવારના રોજ મા લિંબચનો હવન, ઊજાણી અને શૈક્ષણિક ઇનામ વિતરણનો કાર્યક્રમ પ્રગતિ કોમ્યુનિટી હોલ, પ્રગતિનગર, નારણપુરા, અમદાવાદ ખાતે ખૂબ ધામધૂમથી ઉજવાઈ ગયો.

આ કાર્યક્રમના ભોજનદાતા સ્વ. ઈશ્વરલાલ હરગોવિંદદાસ લિંબાચીયા (દાસજ) પરિવાર ગં. સ્વ. રમીલાબેન ઈશ્વરલાલ તથા તેમના ત્રણ પુત્રો શ્રી રાજેશકુમાર, શ્રી ગૌતમકુમાર અને શ્રી ભરતકુમાર હતા. જેઓ તરફથી બપોરે હવનના યજમાન સાથે એક સો માણસોનું ફરાળ તથા સાંજે આશરે ૭૫૦ માણસોના મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. હવનના મુખ્ય યજમાન ભોજનદાતાના પુત્ર શ્રી ભરતભાઈ તથા અન્ય પાંચ સહયજમાને હવન, પૂજા, આરતીનો લાભ લીધો હતો. શ્રીફળ હોમ બપોરે ૩-૩૦ વાગે તથા આરતી ખૂબ ભાવપૂર્વક સમાજના સઘળા પરિવારોની હાજરીમાં કરવામાં આવી હતી.

ત્યાર બાદ ૪-૦૦ વાગે એ.સી. હોલમાં ઈનામ વિતરણનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. સ્ટેજ ઉપર મહેમાનોને નિમંત્રણ આપી સ્થાન સોભાવ્યું હતું. બાલીકાના સ્વાગત ગીત અને ડાન્સ બાદ ભોજનદાનના પરિવાર સાથે સ્ટેજ ઉપરના મહેમાનો પ્રમુખ શ્રી નરોત્તમભાઈ (પીંઢરપુરા) સિનિયર મેમ્બર શ્રી છોટાલાલ (ઊંઝા) ઈનામ વિતરણના દાતા શ્રી સુરેશભાઈ (પાંચોટ) તથા શ્રી ભરતભાઈ (વાલમ) તથા ટ્રસ્ટીશ્રીઓની હાજરીમાં મા લિંબચનો દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રમુખશ્રી મહેમાનોનું શાબ્દીક સ્વાગત, પરિચય તથા ઉદ્‌બોધન કરી શિક્ષણને પ્રોત્સાહન ઉપર ભાર મૂક્યો હતો. સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધશે તો જ સમાજનો વિકાસ થશે તે દાખલાઓ આપી પ્રમાણિત કર્યું હતું. ટ્રસ્ટના મંત્રી શ્રી કેયુરભાઈ (ઐઠોર) ટ્રસ્ટનો ચાલુ વર્ષનો અહેવાલ વાંચી ટ્રસ્ટની આર્થિક પરિસ્થિતિથી સમાજને અવગત કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ મંચસ્થ મહેમાનો જેવા કે શ્રી છોટાલાલ હરગોવિંદદાસ (દાસજ), શ્રી વિનોદભાઈ છોટાલાલ (ઊંઝા), શ્રી રમેશભાઈ ઈશ્વરભાઈ (દાસજ), શ્રી ભીખાલાલ મફતલાલ (ઊમતા), શ્રીમતિ ગીતાબેન ગીરીશભાઈ (ચવેલી) અને શ્રીમતી સવિતાબેન નગીનભાઈ (સંડેર) તથા નિવૃત્ત અતિથી વિશેષ એવા શ્રી નિલેશભાઈ અંબાલાલ (વાલમ), શ્રી મહેશભાઈ શંભુભાઈ (ઊંઝા), શ્રી મુકુંદભાઈ નાથાલાલ (બાલીસણા) તથા શ્રી બિપીનભાઈ હિરાલાલ (બાલીસણા)નું ફુલહાર અને સાલથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ વિશિષ્ટ ક્ષેત્ર સર્ટીફિકેટ અને મેડલ મેળવેલ હોય તેવા બાળકોને પ્રોત્સાહન ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેવા બે બાળકો ચિ. ધીર હિરેન લિંબાચીયા, ધો. ૭ આર્મી પબ્લીક સ્કુલ ભૂજ ખાતેથી ઇન્ટરનેશનલ ઓલિમ્પિયાડ કલાસમાં પ્રથમ અને સ્ટેટમાં નં. ૪ આવતાં ગોલ્ડ મેડલથી નવાજવામાં આવેલ હતા તથા ચિ. રિવાન દિગીશ લિંબાચીયા ધો. ૨માં ઝાડસ સ્કૂલ ઓફ એક્સેલેન્સ, વેજલપુર અમદાવાદથી મેરીટ સર્ટી તથા મહાત્મા ગાંધી રાજભાષા હિન્દી પ્રસાર સંસ્થા દ્વારા લેવાયેલ હિન્દી સુબોધ પરીક્ષામાં દ્વિતીય શ્રેણીમાં ઉત્તિર્ણ થતાં ગોલ્ડ મેડલ એનાયત થયેલ હતો. તથા ૧૧મા ઓપન ગુજરાત સ્ટેટ ક્રૂડો ટૂર્નામેન્ટ ૨૦૨૩માં બ્લોન્ઝ મેડલ મેળવેલ છે.

ચિ. રિવાને સ્ટેજ ઉપર સુંદર ડાન્સ કરતાં મહેમાનોએ રોકડ ભેટથી પ્રોત્સાહિત કર્યા હતા.

વર્ષ ૨૦૨૩-૨૪માં વિશિષ્ઠ ક્ષેત્રે સર્ટીફિકેટ ડીગ્રી ને મેડલ મેળવેલ એવા શ્રી ડૉ. સંજયકુમાર નરોત્તમભાઈ લિંબાચીયા, પીએચ.ડી. લાયબ્રેરી એન્ડ ઇન્ફરમેશન સાયન્સમાં મેળવેલ તથા ડૉ. ભૌમિક દિનેશભાઈ ઊંઝા,

એમ.ડી. સાઇકાટ્રીક અને ડૉ. યશ દિનેશભાઈ ઊંઝા માસ્ટર ઇન ફીઝીયોમાં થેરાપીની ઉપાધી મેળવેલ હોવાથી તેમનું સ્ટેજ ઉપર ફૂલહાર અને સાલથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સન્માનનીય ભોજનદાતા સ્વ. ઈશ્વરલાલ હરગોવિંદદાસ મરણોત્તર પ્રમાણપત્ર સભાગૃહમાં વંચાણે લઈ તેમનાં ધર્મપત્ની ગં. સ્વ. રમીલાબેનને પ્રમુખશ્રી નરોત્તમભાઈ દ્વારા એનાયત કરવામાં આવ્યું હતું તથા તેમના ત્રણ પુત્રોને રામલલ્લાની પ્રતિકૃતિ મોડલ ભેટ તરીકે આપવામાં આવ્યા હતા.

ઉપરોક્ત કાર્યક્રમ પુરા થતાં ધો. ૮થી કોલેજ કક્ષાના બધા બાળકોને સ્ટેજ ઉપર બોલાવી ઇનામના દાતાશ્રી સુરેશભાઈ (પાંચોટ) તથા શ્રી ભરતભાઈ (ઉનાવા) દ્વારા આપવામાં આવ્યા હતા. ત્યારબાદ બાલમંદિરથી ધો. ૭ના હાજર રહેલ આશરે ૧૧૦ બાળકોને પાણીની બોટલ અને કંપાસનું પેકીંગ ભેટ તરીકે આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં એનાઉન્સર તરીકે શ્રી દક્ષેશભાઈ (બાલીસણા) તથા શ્રી રાજેશભાઈ (પીંઢારપુરા)એ સવાઓ આપી હતી. ટ્રસ્ટના પ્રમુખશ્રીએ આભારવિધી કરી કાર્યક્રમ પુરો થયેલો જાહેર કર્યો હતો તથા સૌને ભોજનલેવા આમંત્રણ પાઠવ્યું હતું.

**પ્રેષક : નરોત્તમભાઈ એચ. નાઈ**
**પ્રમુખ, લિંબાચીયા તેર સેવા સમાજ ટ્રસ્ટ, અમદાવાદ**

## ખેરાલુ લીમ્બચ માનો પાટોત્સવ ઉજવાયો

શ્રી દોતોરજુથ લીમ્બાચીયા સમાજના ખેરાલુ શહેરમાં તારીખ ૧૨/૩/૨૪/ ને મંગળવારે ફાગણ સુદી ત્રીજના દિવસે ભવ્યાતિભવ્ય લીમ્બચ મંદિર મા બીરાજમાન રાજરાજેશ્વરી મા લીમ્બચ ૬૬ મો પાટોત્સવ ખુબ જ ધામધુમથી ઉજવવામાં આવ્યો આ પ્રસંગે વહેલી સવારથી રાજોપચારપુજા અન્નકૂટના દર્શન ઉછામણી દાતાશ્રીનું બહુમાનમાં લીમ્બચની શોભાયાત્રા કેક અર્પણ ભોજન પ્રસાદ ગરબા મહાઆરતી જેવા અનેક રંગારંગ કાર્યક્રમો યોજાયા આ પ્રસંગે તમામ જ્ઞાતિ બંધુઓ એ ખુબ જ ધામધુમથી ને ઉત્સાહભેર ભાગ લીધો હતો બપોરના મુખ્ય ભોજન દાતા શ્રી મછાવા નિવાસી શ્રી લીમ્બાચીયા ગાંડાલાલ તથા હસમુખલાલ તેમના તરફથી હતું સાંજના ભોજન પ્રસાદના દાતાશ્રી ખેરાલુ નિવાસી શ્રી રતિલાલ, નરેશભાઈ, અતુલભાઈ મંડપના દાતાશ્રી બળાદ નિવાસી લીમ્બાચીયા શ્રી વિજયભાઈ બાબુભાઈ, અન્નકૂટના દાતાશ્રી બળાદ નિવાસી લીમ્બાચીયા મંજુલાબેન કાન્તિલાલ, ડીજેના દાતાશ્રી મલેકપુર નિવાસી લીમ્બાચીયા મૌલિક ભાઈ તથા પ્રતિકભાઈ અન્ય દાતાશ્રીના સહયોગથી મા લીમ્બચનો પ્રસંગ ધામધુમથી ઉજવાયો હતો આ પ્રસંગે નદીશેરા, ધાન્ધાર, ગઢવાડા, અંબાજી બાવીશ સત્યાવીસ પાટણવાડા વિવિધ પરગણાના નાયી સમાજના હોદેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા

ત્યારબાદ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સફળ બનાવવા શ્રી દોતોરજુથ લીમ્બચ મંદિર ખેરાલુ ટ્રસ્ટનાં ઉત્સાહી પ્રમુખ શ્રી ડૉ ઉર્વીશભાઈ વૈધ તથા કાલનું કામ આજે કરો તેવા ઉત્સાહી ને સક્રિય મંત્રી શ્રી સુઢીયા નિવાસી લીમ્બાચીયા ગોવિંદભાઇ પ્રહલાદભાઈ , તથા તમામ ટ્રસ્ટી શ્રી ઓ દોતોરજુથ લીમ્બાચીયા સમાજના હોદેદારશ્રીઓ તથા કેળવણી મંડળના તથા શહેરી વિસ્તારનાં તમાંમ પ્રમુખશ્રી ઓ હોદેદારશ્રીઓ વડીલો ભાઈ બહેનો બાળકો એ પ્રસંગે તથા તમામ જ્ઞાતિ બંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. ખુબ જ ધામધુમથી આનંદથી જહેમત ઉઠાવી સમગ્ર પ્રસંગે ને રંગેચંગે સફળ બનાવેલ. આ પ્રસંગે શ્રી દોતોરજુથ લીમ્બાચીયા સમાજના પ્રમુખશ્રી લીમ્બાચીયા કાન્તિલાલ મંત્રી શ્રી મણીલાલ મહીયલ તથા કેળવણી મંડળના પ્રમુખશ્રી રાજુભાઇ મદ્રોપુર તથા અમદાવાદ શહેરના પ્રમુખશ્રી રમણભાઈ સુઢીયા નિવાસી તથા બળાદ નિવાસી લીમ્બાચીયા રમેશભાઈ, માજી પ્રમુખ શ્રી ડૉ છોટાલાલ,તથા કહીપુર નિવાસી લીમ્બાચીયા ભગવાનદાસ, બાબુભાઈ મંડાલી સર્વે આગેવાનો હોદેદારશ્રીઓ વડીલો ભાઈ બહેનો બાળકો મા લીમ્બચના પ્રસંગે ઉપસ્થિત રહી સાંજના સમયે માંનો પ્રસાદનો લાભ લઇ વિસર્જન કરવામાં આવ્યું. જય લીમ્બચ.

**લી સુર્યકાન્તભાઈ સી. લીમ્બાચીયા,**
**સીપોર, વડનગર**

## વાંકાનેર શહેર અને તાલુકા વાણંદ સમાજ

તા. 16/4/24 ને મંગળવારના રોજ વાંકાનેર શહેર અને તાલુકા વાણંદ સમાજ દ્વારા વાણંદ સમાજના મંદિરે વાણંદ સમાજના કુળદેવી લિમ્બચ માતાજીના યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે વાળંદ સમાજ દ્વારા વાણંદ સમાજના યુવા એડવોકટ શ્રી વિજયભાઈ ગોહેલની ભારત સરકાર દ્વારા નોટરી તરીકે નિમણૂક બદલ તેમજ બે બહેનોનું જેમાં પ્રોફેસર તરીકે તેમજ શિક્ષિકા તરીકેની નિમણૂક થયેલ છે તેમનો પણ આ તકે સન્માન કરવામાં આવ્યું હતું તેમ જ ત્રણ દીકરીઓ જેણે ખેલ મહાકુંભમાં

જિલ્લા કક્ષાના રાજ્ય કક્ષાએ નંબર પ્રાપ્ત કર્યો હતો તેમનો પણ આતકે સન્માન કરવામાં આવ્યું હતું. સન્માન બાદ સમુહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખશ્રી ધીરુભાઈ પરમાર અને ઉપપ્રમુખશ્રી ખીમજીભાઇ રાછડીયા તેમજ વાળંદ સમાજના તમામ યુવાનો અને આગેવાનો દ્વારા કાર્યક્રમ ને સફળ બનાવવા માટે ભારે જહેમત ઊઠાવી હતી.

## ધ્રાંગધ્રા ( જિ.સુરેન્દ્રનગર ) ખાતે સમસ્ત મસિયાવા પરીવારના માતાજીનો નવરંગ માંડવો યોજાય ગયો.

તા.૧૬/૪/૨૦૨૪ ને મંગળવારે સમસ્ત મસિયાવા પરીવાર તરફથી ધ્રાંગધ્રા ખાતે બુટભવાની માતાજી નાં મઢે નવરંગ માંડવો યોજાઇ ગયો. સવારે મંડપ રોપણ,રાત્રે ભૂવા શ્રી દેવજીભાઈ વિઠલભાઈ,શાંતિલાલ બાબુલાલ મસિયાવા , હિંમતલાલ વાઘેલા વિગેરેની હાજરીમાં ડાક ડમરુ કાર્યક્રમે જમાવટ પાડેલ. આ પ્રસંગે સમસ્ત વાળંદ સમાજ ધ્રાંગધ્રા ને દર્શન તેમજ મહાપ્રસાદ લેવાનું આમંત્રણ હોઈ સર્વે એ તેનો લાભ મેળવી ધન્યતા અનુભવી. સર્વશ્રી મસિયાવા કિશોરભાઈ (પ્રમુખ), વસંતભાઈ, અલ્પેશભાઈ ભીખાભાઈ, કિર્તીભાઇ બાબુભાઈ, સુરેશભાઈ (સાયલા) વિપુલભાઈ કેશવલાલ તેમજ પરિવારના કાર્યકરોની ટીમે બધા કાર્યકમો સફળ બનાવ્યા હતા. જય માતાજી.

**અહેવાલ : વિનોદભાઈ પી. લખતરિયા**
**ધ્રાંગધ્રા, મો.૯૯૧૩૧૦૩૩૧૧**

## ગુ. વા. સેવા સંઘના ટ્રસ્ટી અને ચેરમેન શ્રી મુકેશભાઈ નાયી આયોજિત પ્રસંગ

આજે રોજ તારીખ 10/4/24 બુધવારના રોજ માનનીય મુકેશભાઈ પરસોત્તમભાઈ નાયીના અમદાવાદ 18 રામેશ્વરમ ટેનામેન્ટ નિવાસસ્થાને તેમના પિતાશ્રીની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિની શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં આત્મારામભાઈ કલાણા, શીતલબેન રાજપૂત, વિષ્ણુભાઈ પનારા જેવા નામી-અનામી કલાકારોએ સંતવાણી તથા સત્સંગની મોજ કરાવી હતી. આ ઉપરાંત આપણા માનનીય સાંસદ મયંકભાઇ નાયકનો સન્માન સમારોહ તથા વેજલપુરના ધારાસભ્ય અમિતભાઈ ઠાકરનો સાકરતુલા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જગદીશભાઈ પંચાલ, મંત્રીશ્રી ગુજરાત સરકાર, જય શાહ BCCI સેક્રેટરી, મહેન્દ્રભાઈ બાવરિયા, જીતુભાઈ ખરચરિયા, સંજયભાઈ પારેખ, કે. સી. પટેલ તથા ભાજપાના નામી-અનામી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે નાયી સમાજના ઘણા આગેવાનો, ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદના ટ્રસ્ટીઓ, પાટણનું એમનું મિત્ર મંડળ, અમદાવાદ નાયી સમાજ,તેમના સગા સંબંધીઓ, રામેશ્વર સોસાયટીના રહીશો વગેરે મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા હતા. આ પ્રસંગે સર્વે મિત્રોએ મુકેશભાઈ તરફથી ગોઠવવામાં આવેલ સુરુચિ ભોજનનો લાભ પણ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન અશોકભાઈ ત્રિવેદી તથા રમેશચંદ્ર લિમ્બાચિયાએ સંભાળ્યું હતું.. પધારેલ રાજકીય આગેવાનોએ નાયી સમાજની આવી એક્તા જોઈને મુકેશભાઈ તથા તેમના પરિવારને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા....

**સંકલન : રમેશ લિમ્બાચિયા, પાટણ,**
**ટ્રસ્ટીશ્રી ગુ.વા.સેવા સંઘ**

## મહેસાણા રેલ્વેપુરા (નાનીદાઉ) પ્રાથમિક શાળાના ઉપશિક્ષક શ્રી રાજેન્દ્ર કેશવલાલ લીંબાચીયાનો વય નિવૃત્તિ વિદાય સન્માન સમારોહ યોજાયો

તા,૩૧/૦૫/૨૦૨૪ના રોજ વય નિવૃત્ત થનાર ભાન્ડુ ગામના પનોતા પુત્ર અને મહેસાણા રેલ્વેપુરા (નાનીદાઉ) પ્રાથમિક શાળાના સંનિષ્ઠ, કર્મનિષ્ઠ અને ઉત્સાહી ઉપશિક્ષક શ્રી રાજેન્દ્ર કેશવલાલ લીંબાચીયાનો વય નિવૃત્તિ વિદાય સન્માન સમારોહ તા, ૨૬/૦૩/૨૦૨૪ ને મંગળવારે શિક્ષણવિદ્ માનનીય શ્રી વજેસિંહ સાહેબના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેનું સુંદર અને ભવ્ય આયોજન રેલ્વેપુરા (નાનીદાઉ) પ્રાથમિક શાળા પરિવાર SMC (શાળા વ્યવસ્થાપન સમિતિ) અને ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી રાજેન્દ્રભાઈ અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી ધર્મિષ્ઠાબેનને મહેસાણા ગાયત્રી પરિવાર તરફથી ફુલહાર, શાલ અને ગાયત્રી મંત્રોચ્ચાર સાથે સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ રેલ્વેપુરા (નાનીદાઉ) શાળા પરિવાર તરફથી પણ શ્રી રાજેન્દ્રભાઈ અને શ્રીમતી ધર્મિષ્ઠાબેનનું ફુલહાર,શાલ અને સ્મૃતિભેટ અર્પણ કરી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગ્રામજનો અને આમંત્રિત શ્રી લીંબચ માતાજી સંસ્થાન ટ્રસ્ટીગણ ઉનાવા,શ્રી લીંબાચીયા તેર સમાજ

કાર્યકરો , મિત્રો અને સંબંધીઓ દ્વારા પણ સન્માન કરવામાં આવ્યું હતું. વિદાય વસમી છે. કેટલાક વિદ્યાર્થીઓની ગુરુ પ્રત્યેની લાગણી ને કારણે આંખો અશ્રુભીની થઇ હતી.. શ્રી રાજેન્દ્રભાઈમાં સાચા કર્મનિષ્ઠ શિક્ષકનાં સૌને દર્શન થયાં હતાં. ભોજન બાદ પ્રસંગનું સમાપન કરવામાં આવ્યું હતું.

**પ્રેષક : સોમાભાઈ લીંબાચીયા ઉનાવા.**

## માદરે વતનનો સાદ એક અનોખો અનુભવ

લિંબાચીયા તેર સમાજ જથ અન્વયેનું પીંઢારપુર ગામ ચાણસ્મા તાલુકાના પાટણ જિલ્લામાં આવેલ છે. છેલ્લી ત્રણ પેઢીના કુટુંબમાંથી આજે ૩૦ કુટુંબનો બહોળો પરિવાર ધરાવે છે. હાલ ૨૯ કુટુંબ અમદાવાદ, વડોદરા, સુરત અને વિદેશમાં સ્થાઈ થયેલ છે. એક માત્ર કુટુંબ હાલ પીંઢારપુરા ખાતે વસવાટ કરે છે. પીંઢારપુરાથી શહેરમાં વસવાટ શરૂ કરેલ બે પેઢી હાલ હયાત છે. જેનો પરિવાર પોતાના વતન, કુટુંબ, સગા સંબંધિથી અલિપ્ત થઈ ગયો હતો. એવું અમો સિનિયર જનો અનુભવી રહ્યા હતા તથા તેનું દુઃખ પણ ઊંડે ઊંડે થઈ રહ્યું હતું.

આ વ્યથાને ઉજાગર કરવા અમોએ પરિવારના દરેક સભ્યોને કુટુંબ સાથે ફોઈ બહેન દિકરીઓ, ભાણીયો સાથે પીંઢારપુરા ખાતે એક દિવસના કાર્યક્રમનું આયોજન કર્યું. આ આયોજનમાં મા લિંબચ અને ગામ દેવતા નારસંગા વિર મહારાજના સાનિધ્યમાં નવચંડી યજ્ઞનું આયોજન કર્યું. જેમાં મુખ્ય યજમાન સાથે બીજા છ સહ યજમાન સ્વેચ્છાએ ભાગ લઈ હવનને ખૂબ પુણ્યશાલી બનાવ્યો હતો.

આગલા દિવસે પીંઢારપુરા આવનાર પરિવાર માટે રહેવા જમવાની વ્યવસ્થા વતનમાં રહેલા પરિવાર દ્વારા સુંદર રીતે કરવામાં આવી હતી. જ્યારે સવારે ચા-પાણી નાસ્તા સાથે આવનાર દરેક પરિવારના સભ્યોનું સ્વાગત કરવામાં આવ્યું હતું તથા સૌની હાજરીમાં હવનની શરૂઆત કરવામાં આવી હતી. બપોરે હવનમાં બેસનાર દરેક યજમાન માટે ફરાળની વ્યવસ્થા તથા બાકીના દરેક માટે છોલે પુરીનું સ્વાદિષ્ટ ભોજન  રાખવામાં આવ્યું હતું. જેમાં આશરે ૨૫૦ વ્યક્તિઓએ લાભ લીધો હતો. બપોરના ભાજન બાદ સ્થળના હોલ ખાતે પરિવાર પરિચય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારંભની શરૂઆત મા લિંબચના સ્લોગન અને સ્વાગતગીતથી કરવામાં આવી હતી. પીંઢારપુરામાં બીજા ધોરણમાં ભણતી બાલીકા ભાગ્યશ્રી દિપક રસિકભાઈએ સુંદર ડાન્સ સાથે સૌનું સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ આ કાર્યક્રમના આયોજન બાબતે શ્રી નરોત્તમભાઈએ વિગતે રજુઆત કરી હતી. જેમાં શ્રી વિષ્ણુભાઈ (વડોદરા), શ્રી રાજેશભાઈ (અમદાવાદ) વગેરેએ સુર પુરાવી વિગતે માહિતી રજુ કરી હતી. સાથે સાથે પરિવારની દરેક ફોઈ, બહેન, દિકરીઓ, ભાણીઓ વગેરેને પ્રોત્સાહિત કરવા માટે લાવેલ ભેટ સોગાદનું કુટુંબદિઠ વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ દરેક પરિવારનો સ્ટેજ ઉપર ઉભા રાખી સૌને પરિચય કરાવવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમથી પીંઢારપુરાના પરિવારની સંખ્યા, સાથે તેમની સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સ્થિતિ અંગેનો પણ પરિચય બધાને પ્રાપ્ત થયો હતો. આ પરિચય મેળાથી સૌને ખૂબ આનંદ થયો.

આ કાર્યક્રમથી ડીજેના તાલે બહેનોભાઈઓ સર્વે એ ગરબાની રમઝટ ઉજવી તથા સૌ હળવા બન્યા. ત્યારબાદ સાંજે ૫-૦૦ વાગે શ્રીફળ હોમ વખતે યજ્ઞશાળામાં સૌએ હાજર રહી પ્રેમ, શ્રદ્ધા અને ભક્તિથી મા લિંબચના હવનની પૂર્ણાહૂતિમાં ભાગ લીધો. ત્યારબાદ સૌ સાથે મહાઆરતી લઈ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

આ કાર્યક્રમની ફળશ્રુતિ રૂપે મારે કહેવું પડશે કે વર્ષોથી વિખુટા પડી ગયેલા પરિવારો એક સ્ટેજ ઉપર ભેગા થઈ અહોભાવથી મળ્યા અને મળતા રહેવાની ખાત્રી આપી, સાથે સાથે ભૂલાઈ ગયેલ માદરે વતનની સ્મૃતિ વિશેષરૂપે થઈ તથા નવી જનરેશનને પીંઢારપુરા ગામની અનુભૂતિ થઈ. આ ઉપરાંત ફોઈ, બહેન, દિકરીઓ, ભાણીઓ પ્રત્યે કુટુંબના વડા તરીકે ફરજ બજાવ્યાનો આનંદ થયો. આવો પ્રોગ્રામ સમયાંતરે થતાં રહે તેવો સર્વેનો અભિપ્રાય હતો. જે અમોએ સ્વિકારેલ છે. અસ્તુ.

**પ્રેષક : નરોત્તમભાઈ હેમચંદદાસ નાયી,**
**પીંઢારપુરા, અમદાવાદ**

## વિશિષ્ઠ સિદ્ધિ, પ્રમાણપત્ર અને મેડલ ચિ. રિવાન દિગીશ નરોત્તમભાઈ લિંબાચીયા

રિવાન દિગીશ લિંબાચીયા વતની પીંઢારપુરા હાલ ઝાયડેસ સ્કૂલ ઓફ એક્સેલન્સ, વેજલપુર ખાતે ધો. ૩માં અભ્યાસ કરે છે. જેને ૨૦૨૩ના વર્ષમાં લેવાયેલ મહાત્મા ગાંધી રાજસભા હિન્દી પ્રચાર સંસ્થા પુણે (મહારાષ્ટ્ર) દ્વારા આયોજિત અખિલ ભારતીય રાજભાષા હિન્દી સુબોધ

પરીક્ષામાં દ્વિતીય શ્રેણીમાં ઉત્તિર્ણ થઈ પ્રમાણપત્ર અને ગોલ્ડ મેડલ મેળવેલ છે.

આ ઉપરાંત ૧૧મી ઓપન ગુજરાત સ્ટેટ કૂડો ટુર્નામેન્ટ ૨૦૨૩-૨૪માં સુરત ખાતે યોજાયેલ ટુર્નામેન્ટમાં અંડર બોયઝ +33 Kg. કેટેગરીમાં બીજા નંબરનું સ્થાન મેળવી બ્રોન્ઝ મેડલ ને પ્રમાણપત્ર મેળવેલ છે તથા ઇન્ટરનેશનલ ઇન્ગીબીસ ઓલમપાઇડ પરીક્ષામાં ધો. ૨ ઝાયડસ સ્કૂલ ઓફ એક્સેલન્સમાં ૧૯માં ક્રમે તથા ઝોનલ રેંક ૧૦૭૦ અને રીજીયોનલ રેંક ૨૦૧૬, તથા ઇન્ટરનેશનલ રેંક ૨૫૫૬ મેળવેલ છે. રિવાનની આ ઝળહળતી સફળતા માટે અભિનંદન.

રિવાન દિગીશ શ્રી નરોત્તમભાઈ એચ. નાઈ ટ્રસ્ટી/ખજાનચી ગુ. વા. સેવા સંઘના પૌત્ર છે. રિવાનના પિતાશ્રી દિગીશ અદાણી કોર્પોરેટમાં મેનેજર (ફાઈનાન્સ) તરીકે ફરજ બજાવે છે. ચિ. રિવાનને ખૂબ ખૂબ અભિનંદન.

**પ્રેષક : નરોત્તમભાઈ એચ. નાયી,**
**ટ્રસ્ટી/ખજાનચી, ગુ. વા. સેવા સંઘ, અમદાવાદ**

# નંદ રાજવંશનો ગૌરવશાળી ઈતિહાસ

**(ક્રમશઃ)**

## સિંહાસના આરોહણ

સમ્રાટ મહાપદ્મનંદનો મગધની ગાદી ઉપર રાજયારોહણ (સત્તા સંભાળવી) સમ્રાટ કાલાશોક અથવા કાકવર્ણના મૃત્યુના ૩૧ વર્ષ પછી એટલે કે ૩૬૪ ઇ.સ. પૂર્વમાં થયો. ગાદી સંભાળ્યા પછી મહાપદ્મનંદે પોતાના મહાન પરાક્રમથી નાના- મોટા બધા રાજયો ને મગધ સામ્રાજયમાં મેળવીને એક વિશાળ ક્ષેત્ર ઉપર શાસન કર્યુ તથા મહાપદ્મની બિરૂદથી સુશોભિત થયા.મત્સ્યપુરાણના અનુસાર મહાપદ્મનંદે ૮૮ વર્ષ સુધી રાજય કર્યુ, વાયુપુરાણના અનુસાર ૨૮ વર્ષ, સિંહાલી ગાથાઓના અનુસાર ૨૨ વર્ષ, તારાનાથના અનુસાર (મુજબ) ૨૯ વર્ષ જયારે યુનાની (ગ્રીક) ગ્રંથ મૈકિન્ડલ ઇનવેજન ઓફ એલેકજેન્ડરમાં કહેવાયુ છે કે ૩૨૬ ઇ.પૂ.માં જયારે ચંદ્રગુપ્ત, સિંકદરને મળ્યા હતા ત્યારે પાટલિપુત્રમાં નંદરાજનું શાસન ચાલી રહયું હતું. આ પ્રકારે નંદરાજના શાસનનો સમયગાળો ૩૬૪ ઇ.પૂર્વથી ૩૨૬ ઇ.પૂર્વ સુધી નકકી થાય છે. મતલબ નંદરાજ મહાપદ્મનંદે કુલ ૩૯ વર્ષ સુધી રાજય કર્યુ.

## વિજયો તથા રાજધાનિઓ

મગધ સમ્રાટ મહાપદ્મનંદે જે રાજયો ઉપર વિજય પ્રાપ્ત કરીને તેને મગધ સામ્રાજયમાં ભેળવી દીધા હતા તેના નામ અનુક્રમે પુરાણો અને બૌધ્ધ ગ્રંથોમાં પૌરવ, ઇચ્છવાકુ, પાંચાલ, કૌરવ, હૈહય, કલિંગ, શૂરસેન, મિથિલા, અશ્મક, બીતિહોત્ર, કાશી, કટક મુખ્ય રાજય હતા. મહાપદ્મનંદે સમસ્ત ઉતર ભારતના સમકાલિન (પોતાના સમય ના) રાજાઓને પરાજીત કરીને પોતાના રાજયમાં ભેળવી દીધા હતા. આ રીતે તેમણે કલિંગ (ઓરીસ્સા) ઉપર આક્રમણ કરીને તેને પણ પોતાના કબજામાં કરી લીધુ હતું તથા નહેર તથા બાંધ (ડેમ)નું નિર્માણ કર્યુ હતું. ડો.રાય ચૌધરીના અનુસાર (પ્રમાણે) દક્ષિણાપથનો ભાગ પણ નંદ સામ્રાજયના હેઠળ હતો કારણ કે ગોદાવરીના તટ ઉપર'નવ નંદ દેહરા' નામના નગર ને વસાવ્યુ હોવાનો ઉલ્લેખ મળે છે. (નવ નંદ દેહરા કાળક્રમે (અપભ્રંશ થઈને) નાંદેડ શહેર થયુ જે મહારાષ્ટ્રમાં છે, તેમ માનવામાં આવે છે.) કૃષ્ણા નદીની ખીણનો (ભાગ) તથા મૈસુર રાજય પણ નંદરાજના વિજયી(જીતેલ) ક્ષેત્રમાં હતા. તથા આ રાજયોના ઉપરાંત પહેલેથી જ અંગ, વત્સ, અવંતિ, ચંપા, લિચ્છવી, વૈશાલી કોશલ રાજય સામેલ થઇ ચૂકયા હતા. આ પ્રકારે મહાપદ્મનંદે પ્રાચીન ભારતના ઇતિહાસમાં સર્વપ્રથમ સૈન્ય શક્તિથી એક સર્વશક્તિમાન વિશાળ સામ્રાજયની સ્થાપના કરી, જેને પડકાર આપવાની કોઇ હિંમત કરી શકતુ ન હતું.કેટલાક ઇતિહાસકારોના મત અનુસાર ઉતરમાં ગંગા યમુનાના મેદાનથી લઇને દક્ષિણમાં ગોદાવરી અને કલિંગ સુધી તથા પૂર્વમાં બંગાળથી લઇને પશ્ચિમમાં અફઘાનિસ્તાન સુધીનો સંપૂર્ણ ભાગ મહાપદ્મનંદના સામ્રાજયમાં વ્યાપક (સામેલ)હતો.

સ્થાવિરાબલિ ચરિત્ર નામના ગ્રંથથી જાણવા મળે છે, કે નંદરાજાના મંત્રી કલ્પક ખુબજ કુશાગ્ર બુધ્ધિના વ્યકિત હતા, જેણે પોતાની યુકિતઓ તથા મુત્સદગીરીથી મગધ સામ્રાજયના ફેલાવામાં ખૂબજ મદદ કરી હતી. પુરાણોના અનુસાર નંદરાજાનું નામ મહાપદ્મ અથવા મહાપદ્મપતિ હતુ. જેનો અર્થ છે અનંત સેના અથવા અપાર ધન સંપતિનો સ્વામી (માલિક). જે રાજા પાસે આટલું વિશાળ સૈન્ય હોય તે જો ઉતરમાં હિમાલયથી લઇને દક્ષિણમાં ગોદાવરી, કૃષ્ણા, કાવેરીની ખીણ સુધી અથવા તેના નજીકના પ્રદેશોના એકરાટ એકક્ષત્ર હોવાના મહત્વકાંક્ષી હોય તો તેમાં કોઇ અતિશ્યોકિત નહિ હોય. સિંકદરના ઇતિહાસકારો એ લખ્યુ છે કે વ્યાસ નદીની પાસે વસવાવાળી જાતિઓ બધાથી શકિતશાળી હતી તથા એકજ રાજાને આધિન હતી જે સમ્રાટ મહાપદ્મનંદના શકિત તથા શાસન ને પ્રમાણિત કરે છે. પુરાણોમાં લખ્યુ છે કે નંદરાજના શૈથુનાગો એ મહિષ્મતીના પડોસી રાજય અવંતીના શાસકો (રાજાઓ) ને નીચા દેખાડયા હતા. પ્રાચીન ભારતમાં જેઓ શસ્ત્ર ધારણ કરીને પોતાના ક્ષેત્ર અથવા રાજયની રક્ષા કરતા હતા તે બધા રાજા ક્ષત્રિય કહેવાતા હતા ચાહે તેઓ કોઇપણ જાતિ અથવા વર્ણના કેમ ન હોય. તે સમયમાં જાતિ તથા વર્ણ માત્ર બ્રાહ્મણીય ગ્રંથકારોના ગ્રંથ સુધી સીમિત હતો એટલે કે વ્યવહારમાં હતો નહિ તથા આ પ્રકારે શુદ્ર શબ્દનો અર્થ પણ સ્વચ્છતાથી હતો.

પવિત્ર કરવા વાળાના અર્થમાં તેનો પ્રયોગ થતો હતો. એમની હાજરીથી દરેક કાર્ય પવિત્ર થતુ હતુ, એટલા માટે સમ્રાટ મહાપાનંદ ને શુદ્ર કહેવાથી પણ તેમના દ્વારા કોઇ દાવો નથી કરવામાં આવ્યો તથા દાવો ન કરવાનું કારણ આ પણ છે કે આ રચનાઓ મહાપાનંદના શાસન કાળથી ઘણા પાછળથી કરવામાં આવી છે.

સાયરોપીડિયાના અનુસાર પશ્ચિમી એશીયામાં મહાન રાષ્ટ્રો વચ્ચે થતા સંઘર્ષમાં લવાદ(મધ્યસ્થી) બનવાની ભૂમિકા અદા કરવા વાળા રાજા ખૂબજ ધનવાન તથા પ્રતાપી હતા જે સમ્રાટ મહાપદ્મનંદની પ્રતિભાને જાહેર કરે છે. ભાગવત પુરાણના ભાષ્યકારના અનુસાર (મતથી) નંદરાજની દસ પદમ સેનાના કારણથી તેમનુ નામ મહાપદ્મ પડયુ હતું. કર્ટિયસ અને ડાયડોરસના અનુસાર તેમની સેનામાં વીસ હજાર ઘોડેશ્વાર, ત્રણ હજાર હાથીની સેના, બે હજાર રથ તથા બે લાખની પાયદળ સેના હતી. જયાં પ્લુટાર્કના અનુસાર એસી હજાર અશ્વારોહી,બોતેર લાખની પાયદળ સેના, આઠ હજાર ચાર ઘોડાવાળા રથ તથા છ હજાર હાથીની સેના હતી. કથાસરિતસાગરમાં કહેવામાં આવ્યું છે કે અયોધ્યામાં મહાપદ્મનંદનું સૈનિકશિબિર (થાણું) હતુ તથા નંદરાજાની પાસે ૯૯ કરોડની સુવર્ણ મુદ્રાઓ હતી. ચીની યાત્રી હયુ-એન-સંગના અનુસાર નંદરાજની પાસે સાત પ્રકારના બહુમૂલ્ય ઝવેરાતો (એક મતથી બહુકિમતી ઝવેરાતોનો ખજાનો હતો)ના પાંચ ભંડાર હતા. આ પ્રકારે અનેક શ્રોતો (માહિતી/આધાર)થી પ્રમાણિત થાય છે કે સમ્રાટમહાપદ્મનંદના રાજ પરિવારમાં અપાર ધન દૌલતનો અંબાર હતો તથા અપાર સૈન્ય શકિતથી સંપન્ન હતા જેના બળ ઉપર તેમણે મહત્વપૂર્ણ વિજય મેળવીને તથા મગધના સામ્રાજયની સીમાનો વિસ્તાર કર્યો હતો.

નીલકંઠ શાસ્ત્રી લખે છે કે મૈસુરના કઇ રેકાર્ડ(દસ્તાવેજ/લખાણ)થી મહાપદ્મનંદનું ત્યાં પણ શાસન (રાજ) હતું તેવી પુષ્ટિ (સાબિતી) મળે છે. પુરાણોમાં “નંદરાજ”ને કલ્કિના અવતાર તથા પૃથ્વીના એકક્ષત્ર રાજા તથા પૃથ્વીપતિ બતાવામાં આવ્યા છે. આ પ્રકારે આમાં કોઇ શંકા નથી કે ચંદ્રગુપ્તના સમયમાં જે મગધના સામ્રાજયની સરહદ હતી તેણે નંદરાજના શાસનકાળમાંજ મગધ સામ્રાજયની સરહદમાં આધિન (જીતી) કરી લેવામાં આવી હતી. ત્યાં સુધીકે નંદરાજની કેન્દ્રીય શાસન પદ્ધતિ જેને એરિયન(યુનાની ઇતિહાસકાર) એ નંદ સામ્રાજયમાં ઉત્કૃષ્ટ (ઉતમ) આંતરિક શાસન હતુ તેમ બતાવ્યુ છે. નીલકંઠશાસ્ત્રી કહે છે કે મોટા આશ્ચર્યની વાત છે કે સમ્રાટ મહાપદ્મનંદ જેવા મહાન યોધ્ધા તથા અખંડ ભારત ને એક સૂત્રમાં બાંધીને એકછત્ર રાજય કરવાળા પ્રતાપી સમ્રાટ ને માત્ર શુદ્રોના રાજપરિવાર જાણીને તેના વિષયમાં કંઇ લખવામાં આવ્યુ નથી, પરંતુ અહીકોઇ સવર્ણરાજા હોત તો તેના વખાણમાં એક વધારે પુસ્તકની રચના અવશ્ય થઇ ગઇ હોત. બી.એ.સ્મિથે મહાપદ્મનંદની રચનાઓમાં કરવામાં આવેલ પરિવર્તનના વિષયમાં કહે છે કે નંદરાજ બ્રાહ્મણોના ઘોર (ખુબજ) શત્રુના રૂપમાં પ્રસિધ્ધ હતા આ કારણથી તેના રાજયકાળને બારમી સદીના કવિ ચંદે ઐતિહાસિક

(અનુસંધાન પાન ૧૭ પર)

MAJESTY
CONSULTANCY

કેયુર રમેશભાઈ શર્મા
મો. ૯૪૨૯૨૦૭૮૩૮

મજેસ્ટી કન્સલ્ટન્સી
(ટેક્ષ કન્સલ્ટન્ટ / ફાઇનાન્સીઅલ એડવાઇઝર)

- ઈન્કમટેક્ષ, જી.એસ.ટી. સલાહકાર
- દરેક ધંધા / વ્યવસાયનું રજીસ્ટ્રેશન
- એકાઉન્ટ લખી આપવામાં આવશે
- હોમલોન / મોર્ગેજ લોન / પર્સનલ લોન

Email : majestyconsultancy@gmail.com

ઓફિસ : દુકાન નં. ૨૦, પહેલો માળ, ઘનશ્યામ કોમ્પલેક્ષ,
ઓવર બ્રીજ પાસે, ચાંદલોડીયા, અમદાવાદ - ૩૮૨૪૮૧

## BIO-DATA



નામ : **મયંક લિમ્બાચીયા**
જન્મ તારીખ : ૨૧-૩-૧૯૯૭
જન્મ સ્થળ : ઊંઝા, સમય ૨૨-૧૩ કલાકે
વજન : ૬૨ કિલો
શિક્ષણ : ઇલેક્ટ્રીકલ એન્જિનિયરીંગ જી.એચ.પટેલ કોલેજ ઓફ એન્જિનિયરીંગ, આણંદ ઉચ્ચ માધ્યમિક શિક્ષણ એલ. એચ. બોધરા હાઈસ્કૂલ, સુરત
શોખ : નવી વસ્તુ બનાવવાનો
અનુભવ : સિનિયર એન્જિનિયર સર્વિસ (MNC કંપની) બેંગલોર હાલમાં SAP પ્રોજેક્ટ અમલીકરણ માટે ERP વિભાગમાં કામ કર્યું. પુના/રાજકોટ
ફેમીલી
પિતાનું નામ : જીતેન્દ્રકુમાર વી. લિંબાચીયા (શિક્ષક, એસ. એમ.સી. સુરત)
વતન : જેતલવાસણા
મોસાળ : ઉમના ફોન નં. ૯૩૨૮૮૧૨૬૯૭
માતાનું નામ : જ્યોતિબેન જે. લિંબાચીયા (હાઉસ વાઈફ)
વતન : બામોસણા, મોસાળ : દાસજ
સરનામું : ૧૮, મનોજનગર સોસાયટી સામે, પૂજન-૨, અડાજણ, સુરત મો. ૯૯૨૪૬૦૩૮૨૩
Email : mayank180limbachiya@gmail.com
mayank_limbachiya/mayank.limbachiya.180

## BIO-DATA



Name : **Rushil Limbachiya**
Birth Date : 7th December, 1996
Rushillimbachiya1125@gmail.com

**Personal Details**
Nationality : Indian, Currently living in Toronto (Canada)
Birth Place : Vadodara
Religion : Hindu, Valand
Height : 5' 9"
Weight : 78 Kg.
Occupation : Production Planner
Status (Canada) : PR Holder
Education : (Post Graduation) : Master in Industrial Engineering, University of Windsor, Windsor (2019-2020) B.E. (Medhanical) : A D Patel Institute of Tech. New V.V. Nagar, Anand (2014-2018)
Languages : Gujarati, Hindi, English
Hobbies : Avid Cricket and football fan, loves outdoor activities and travelling, listing music, Long drives, explore and know about different cultures and places, try to explore different aspects of life in a meaningful way

**Family Background Details**
Father's Name : Sujitbhai Natwarlal Limbachiya
Occupation : Senior Master Technician at GACL Dahej
Mother's Name : Hemaben Sujitbhai Limbachiya (House Wife)
Sister : Krupali Sujitbhai Limbachiya, (MSC in chemistry, Currently doing a job)
Native Place : Karjan, Vadodara

**Contact Details**
Contact No. : +91 8238003492 (Father)
Current Address : 19 Holbeach road, Etobicoke, Toronto, M9W 3K2, On Canada
Residential Address : B-609, Alaknanda Society, Zadeshwer Road, Bharuch

## BIO-DATA



**Personal Information :**

Name : **Dr. Tej H. Dasadia**
Date of Birth : 23rd April, 1997
Height : 6" 1'
Sex : Male
Place of Birth : Nadiad
Birth Time : 02.59 AM
Caste : Valand
Native Place : Nadiad
Languages Known : Gujarati, Hindi, English
Diet : Pure Vegetarian
Hobby : Cricket, Movies & Travelling

**Educaiton & Job**

Qualification-1 : M.B.B.S. From C.U.Shah Medical College, Surendranagar
Work : As a Jr. Resident at N. D. Desai Medical College & Hospital in Surgery Department
Qualification-2 : M.S.Ent. 1st Year Resident, L. G. Hospital, Maninagar-A'bad

**Family Details**

Father Name : Harsadkumar Bachubhai Dasadia
Occupation : Insurance Consultant & Advisor
Mother Name : Rupal Harsadkumar Dasadia
Grand Father : Bachubhai P. Dasadia
Grand Mother : Kanchanben Bachubhai Dasadia

**Maternal (Surendranagar)**

Grand Father : Sharadbhai Khodidas Bhalgamadia (Vaidya)
Grand Mother : Manishaben Sharadbhai Bhalgamadia
Residential Address : "Gopal Bhuvan", 6-Jayshreenagar Society, Opp. Kidney Hospital, Petlad Road, Nadiad, Gujarat
Contact No. : 9913001131 (Father)
9998099423 (Mother)
Email ID : tej9723@gmail.com

## BIO-DATA



**Personal Information**

Name : **Kripa Satish Padalia**
Date of Birth : 05-11-2001
Time of Birth : 09:55 AM
Place of Birth : Tanga, Tanzania
Raashi : Mithun-Gemini
Vrushchik-Scorpio
Religion/Caste : Hindu / Valand
Mother Tongue : Gujarati
Other Language : Hindi, Swahili, English
Height : 5 ft - 7 inch (170 cm)
Weight : 70 Kg
Residential Status : Tanzanian currently living in Ahmedabad
Education : Bachelor of Commerce
At JGCC Commerce College (Gujarat University)
Association of Chartered Certified Accountant ACCA UK at Navkar

**Family Details**

Father : Satish Padalia
Occupation : Salon & Business man
Mother : Parvina Padalia
Occupation : Salor & House Wife
Sister : Vineeta Padalia
B.Com and ACCA
Brother : Prajesh Padalia
12th Commerce

## BIO-DATA



**Personal Information**

| | | |
|---|---|---|
| Name | : | **Krunal Yogeshkumar Parekh** |
| Birth Date | : | 22-12-1991 |
| Birth time | : | 5:45 pm |
| Height | : | 5' 8" |
| Weight | : | 69 kg |
| Education | : | Computer Networking, Canada |
| Occupation | : | Owner of Franchise Square Boy Pizza Store (Ajax, Ontario, Canada) |
| Cell No. | : | (+1) 647869-7732 |
| Current Status | : | Work Permit |

**Family Details**

| | | |
|---|---|---|
| Father | : | Yogeshkumar Narandas Parekh |
| Occupation | : | Business |
| Mother | : | Ilaben Y. Parekh (House Wife) |
| Younger Sister | : | Nishita Parekh |
| Mosal | : | Khambhat |
| Residential Address | : | C/8, Akruti Town Ship, Opp. Bethak Mandir, Khambhat |
| Contact | : | 9825021903<br>7016221301 (Father's) |

**(પાન નં. ૧૪નું અનુસંધાન - નંદ રાજવંશ...)**

કાળ ક્રમમાંથી કાઢી નાખ્યો તથા તેના દ્વારા ચલાવેલ વિક્રમ સંવત જેણે આનંદ વિનાન્દનો પ્રયોગ બંધ કર્યો હતો, જેમાંથી નંદકાળના ઐતિહાસિક ૯૦ વર્ષ કાઢી નાખવામાં આવ્યા હતા. સ્પષ્ટ છે કે જે મૂળનિવાસી આર્ય (ક્ષુદ્ર) રાજાઓ રાજવંશોને બ્રાહ્મણવાદી ષડયંત્રો દ્વારા ઇતિહાસમાંથી ભૂંસી (મીટાવી) શકાય છે તેના સબંધિત લેખો ઉપર ચોકકસ લીપાપોતી (છેડછાડ) કરવામાં આવી હશે. આ વિષય પર મેકડાનિલ લખે છે કે બધાથી (સર્વાધિક) પુરાણી (જુની)રચના ઋગાવેદ ને ૩૦૦૦ વર્ષ સુધી પરિવર્તન કર્યા વિના સંભાળી ને રાખવામાં આવી જયારે તેના પછીની રચનાઓમાં એટલે નંદકાળથી જેટલી રચનાઓને લિપીબધ્ધ કરવામાં આવી તેમાં એટલુ પરિવર્તન (ફેરફાર) થયુ કે તેને આજે પોતાની પૂર્ણ મૂળ અવસ્થામાં (હાલતમાં) લાવવી અસંભવ છે પરંતુ લીપાપોતી (છેડછાડ/ફેરફાર) કરવાવાળાને એ ખબર ન હતી કે યથાર્થ (સત્ય) ને કેટલું પણ દબાવવામાં કે છુપાવવામાં આવે એક ને એક દિવસ અવશ્ય (ચોકકસ) તે પોતાના વાસ્તવિક રૂપમાં ઉજાગર (પ્રગટ) થઇ જાય છે. મહાબોધિવંશના અનુસાર બિમ્બીસારના સાતમાં ઉતરાધિકારી (વારસદાર)ના રૂપમાં શિશુનાગ તથા દસમાં ઉતરાધિકારી (વારસદાર)ના રૂપમાં મહાપદ્મનંદ(ઉગ્રસેન) થયા જે મગધના મહાન સમ્રાટ પ્રમાણિત થયા.(બન્યા) (ક્રમશઃ)

**પ્રેષક : રમેશભાઈ બી. ચાવડા, ધ્રાંગધ્રા**
**મો. ૯૪૨૭૩ ૭૩૫૮૧**

## અવસાન નોંધ

* **ઊંછા,** તા. પ્રાંતિજ : **મીનાબેન દિનેશભાઈ નાયીનું** તા. ૩-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **હાથરોલ,** તા. હિંમતનગર : **કોદરભાઈ શંકરભાઈ નાયીનું** તા. ૭-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ચાંદરણી,** હાલ હિંમતનગર : **ડાહીબહેન બબાભાઈ નાયીનું** તા. ૧૯-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પલાસર,** હાલ વડોદરા : **ત્રિકમભાઈ હરગોવિંદદાસ વાળંદનું** તા. ૧૭-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ભાંડુ** હાલ સુરત : **શારદાબેન મનસુખલાલ લિમ્બાચીયાનું** તા. ૨-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **મહેરવાડા** હાલ સુરત : **વિઠ્ઠલભાઈ જોઈતારામ નાયીનું** તા. ૩-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ઉમતા** હાલ મુંબઈ : **ચંચળબેન શંભુલાલ લીમ્બાચીયાનું** તા. ૫-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **કડી : જયંતિલાલ ડાહ્યાલાલ વાળંદનું** તા. ૬-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.

* **ગાંધીનગર : તારાબેન મોહનલાલ પારેખ**નું તા. ૧૪-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ઐઠોર : દિનેશભાઈ ડાહ્યાલાલ નાયી**નું તા. ૧૫-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **વાલમ : અલ્કેશકુમાર બાબુલાલ લિમ્બાચીયા**નું તા. ૧૬-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **કામલી** હાલ સુરત : **ચંચળબેન જયંતીલાલ નાયી**નું તા. ૧૭-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **વડનગર,** જિ. મહેસાણા : **ચંદુલાલ વિઠ્ઠલદાસ લીમ્બાચીયા**નું તા. ૨૦-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ટુંડાવ : ડાહીબેન મોહનલાલ લિમ્બાચીયા**નું તા. ૪-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **દામા,** તા. ડીસા : **રામાબેન જીવાભાઈ નાયી**નું તા. ૧૮-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પનાર** હાલ નિર્ણયનગર, અમદાવાદ : **કંચનબેન રામજીભાઈ પનારા**નું તા. ૧૬-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે જેઓ ગુજરાત સુપ્રસિદ્ધ ભજનિક-લોકગાયક વિષ્ણુભઆઈ પનારાના મોટાબહેન થાય.
* **રીબડી** હાલ વિરમગામ : **કનુભાઈ માવજીભાઈ દસલાણીયા**નું તા. ૬-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **બામણવા,** તા. પાટડી : **કાન્તાબેન દેવજીભાઈ ઝોલાપુરા**નું તા. ૯-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **મીઠાપુર** હાલ કડી : **શિવાભાઈ બચુભાઈ ઉધરોજા**નું તા. ૧૧-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ચું. ડાંગરવા,** તા. દેત્રોજ : **વિશાલભાઈ હસમુખભાઈ લિમ્બાચીયા**નું તા. ૧૭-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ઝુંડ,** તા. વિરમગામ : **સુખદેવભાઈ ઠાકરસીભાઈ વાળંદ**નું તા. ૧૯-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સુરજ,** તા. કડી : **ખોડીદાસ મફતલાલ નાયી**નું તા. ૨૦-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ઉમતા,** હાલ વડોદરા : **પરસોત્તમદાસ માધવલાલ લિમ્બાચીયા**નું તા. ૨૨-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પાન્છા** (વડોદરા) : **શાંતાબેન શિવરામભાઈ લીંબાચીયા**નું તા. ૧૮-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **હીરપુર : શારદાબેન ચંદુલાલ લિમ્બાચીયા**નું તા. ૬-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પાન્છા** (વડોદરા) : **રેણુંકાબેન અરવિંદભાઈ**નું તા. ૩૦-૩-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સુંઢિયા : રમેશભાઈ કાન્તિભાઈ લિમ્બાચીયા**નું તા. ૧૧-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **કમાલપુર,** તા. વિજાપુર : **ઇન્દિરાબેન ચંપકલાલ નાયી**નું તા. ૬-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ખરોડ,** તા. વિજાપુર : **અલકાબેન દશરથભાઈ નાયી**નું તા. ૧૨-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પિલવાઈ,** તા. વિજાપુર : **મગનલાલ પી. નાયી**નું યુ.કે. ખાતે તા. ૧૩-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **લાડોલ,** તા. વિજાપુર : **ધર્મિષ્ઠાબેન રતીલાલભાઈ વૈદ્ય**નું અમેરિકા ખાતે તા. ૧૯-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **અંકેવાલીયા,** તા. લીંબડી : **સચિનભાઈ હિંમતભાઈ મસિયાવા**નું તા. ૧૮-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે.

**ઉપરોક્ત દિવંગત આત્માઓને પરમકૃપાળુ પરમાત્મા ચિરઃશાન્તિ અર્પે તેવી ગુજરાત વાળંદ સેવા સંઘની પ્રાર્થના.**

## ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. રમીલાબેન ભરતભાઈ પારેખ, રામપુરા**

**સ્વ. તા. ૨૧-૪-૨૦૨૧**

આપની વિદાયને ત્રણ...ત્રણ... વર્ષના દિવસો વીતી ગયા. પણ હજુ મન માનતું નથી... એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરીએ ને દર્શન થઈ જાય. હજુ જરૂર હતી તમારી અમને ત્યાં કુદરત લઈ ગયો તાણી, હે કુદરત એ અનામત અમારી છે. રાખજે તું એમને સંભાળી. તારા માટે એ આત્મા હશે પણ એ જ જીંદગી અમારી હતી.

**પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.**

**શોકાતુર પૈજા પરિવાર રામપુરા (ભંકોડા)**

લિ.

**સ્વ. શાંતાબેન સકરચંદ ચેલદાસ વાળંદ પરિવાર**
**ભરતભાઈ એસ. પારેખ**
**રવિ ભરતભાઈ પારેખ**
**ગાયત્રીબેન રવિભાઈ પારેખ**
**તિર્થ રવિભાઈ પારેખ**
**યામીનીબેન વિપુલકુમાર વાળંદ (દિકરી-જમાઈ)**
**સોનલબેન પ્રગ્નેશકુમાર વાળંદ (દિકરી-જમાઈ)**
**દેવ વિપુલકુમાર નાઈ (ભાણો)**
**ક્રિષા પ્રગ્નેશકુમાર વાળંદ (ભાણી)**
**સ્વ. પર્વ વિપુલકુમાર નાયી (ભાણો)**
**તથા**
**ગોમતીબેન હિરાભાઈ હરીભાઈ ડાંગરૂચીયા પરિવાર (ડાંગરવા)**

# શ્રદ્ધાંજલિ



## સ્વ. ચંચળબેન શંભુલાલ લિમ્બાચીયા

**જન્મ તારીખ : ૧-૬-૧૯૨૯ ● સ્વ. તારીખ : ૫-૪-૨૦૨૪**

**પરિવાર જેમનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી**
**પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની નીતિ હતી**

અમારા પરિવારનાં વયોવૃદ્ધ આદરણીય માતુશ્રીનું આયુષ્યના ૯૫મા વર્ષે અવસાન થવાથી તેમની છત્રછાયા ગુમાવી છે. તેમણે શૂન્યમાંથી સર્જન કર્યું. દુઃખથી કદી ડર્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યાં નહીં, સુખદુઃખમાં હસતા રહ્યા. કર્મ સદા એવાં કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે. તેમની હયાતી અમારી પ્રેરણા હતી.

એમના આદર્શ અમારું માર્ગદર્શન હતા. આપના સંસ્કાર અમો સહુ કુટુંબીજનો ઉપર છેલ્લા શ્વાસ સુધી રહ્યા અને કાયમ માટે રહેશે. આપની સ્મૃતિ અમારા સૌના અંતઃકરણમાં અનંતકાળ સુધી અંકિત રહેશે.

રડી પડે છે આંખ અમારી, જોઈને તસવીર તમારી. દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી, પલભરમાં છેતરી ચાલ્યા ગયા. આપનો હસમુખો ચહેરો અને માયાળુ ઉદાર સ્વભાવ અમોને સદાય યાદ આવશે.

કુળદેવી શ્રી લિમ્બચ માતાજી, શ્રી વેરાઈ માતાજી તેમજ શ્રી સંતોષી માતાજી આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એ જ અમારી સૌની પ્રાર્થના...

**-: શ્રદ્ધાસુમન અર્પણ :-**

**સ્વ. શંભુલાલ ધનજીભાઈ લીમ્બાચીયા પરિવાર**

**વતન : ઉમતા, પાટણવાડા સમાજ. હાલ રહેવાસી : ઘાટકોપર, મુંબઈ**


| | |
|---|---|
| શ્રી જયંતીભાઈ શંભુલાલ લિમ્બાચીયા (પુત્ર) | શોભનાબેન (પુત્રવધૂ) |
| સ્વ. રમેશભાઈ શંભુલાલ લિમ્બાચીયા (પુત્ર) | પુષ્પાબેન (પુત્રવધૂ) |

સ્વ. મંજુલાબેન (પુત્રી), સરોજબેન (પુત્રી) તથા પ્રવિણાબેન (પુત્રી)
ચંદ્રેશભાઈ (પૌત્ર), ધીમંતભાઈ (પૌત્ર), પ્રજ્ઞેશભાઈ (પૌત્ર), ભાવીનીબેન (પૌત્રી)
નીતાબેન (પૌત્રવધૂ), અંજનાબેન (પૌત્રવધૂ), હિરલબેન (પૌત્રવધૂ)
સ્વ. દશરથભાઈ (જમાઈ), બાબુલાલ (જમાઈ), વિષ્ણુકુમાર (જમાઈ), પિયુષકુમાર (જમાઈ)
બાલવૃંદ : નિમિત, કાર્તિક, અક્ષત, હેતાંશી, હંસવી અને ધ્યાન તથા સમસ્ત ઉમતા પરિવાર
પિયર પક્ષ : મોટી દાઉ (તેર સમાજ) સ્વ. અંબાલાલ કાળીદાસ અને સ્વ. નર્મદાબેનના પુત્રી

**Firm : J Atul Investment Pvt. Ltd.**
**Mumbai : Mob No. 9324005653, 88283 34866**

**શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ સદ્‌ગતને શ્રદ્ધાંજલિ પાઠવે છે**

Registered under R.N.I. No. 9377/1957. Permitted to post at Ahmedabad PSO
on 2nd day of every Month under Postal Registration No. GAMC-810/2022-2024
Dt. 21-10-2021 Valid upto 31-12-2024 issued by SSPO's Ahmedabad City Division



## શ્રદ્ધાંજલિ

### સ્વ. રામભાઈ ડાહ્યાભાઈ પારેખ

**જન્મતારીખ : ૦૯-૦૩-૧૯૪૬**
**સ્વ. તારીખ : ૩૧-૦૩-૨૦૨૪**

પેથાપુર જિલ્લો ગાંધીનગરના વતની સ્વ. રામભાઈ ડાહ્યાભાઈ પારેખનું તા. ૩૧-૩-૨૪ના રોજ અવસાન થયાના સમાચાર જાણી ગુજરાત વાળંદ સેવા સંઘ પરિવાર દુ:ખની લાગણી અનુભવે છે. હજુ દસેક દિવસ અગાઉ તા. ૧૯-૩-૨૪ના રોજ તો સંઘના નવિન બિલ્ડીંગ પ્રોજેક્ટ કન્વીનર શ્રી કાળીદાસભાઈ કે. પારેખે શ્રી રામભાઈ ડી. પારેખના નિવાસે તેમની રૂબરૂ સૌજન્ય મુલાકાત કરી હતી અને ગુ. વા. સેવા સંઘ દ્વારા અમદાવાદ ખાતે નિર્માણાધીન બહુમાળી સમાજભવનની વાત જાણતાંની સાથે તેમણે તાત્કાલિક રૂા. ૨૫,૦૦૦/-નું દાન આપીને આ જૈફ વયે પણ તેમણે ઉદાત્ત સમાજભાવના અને શિક્ષણપ્રેમીનાં દર્શન કરાવ્યાં. હજુ તો વધુ દાન આપવાની તેમની ખેવના શ્રી કાલીદાસભાઈ પાસે વ્યક્ત પણ કરી હતી પણ 'ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે.' આટલા ટૂંકા સમયમાં તો તેમણે માન્યામાં ન આવે તેમ ચિર વિદાય લીધી.

સ્વ. રામભાઈ ડી. નાયી વેસ્ટર્ન રેલ્વેના નિવૃત્ત અધિકારી હતા તથા સાહિત્યપ્રેમી હતા. તેમના નિવાસે થયેલ મુલાકાત દરમ્યાન તેમના પરિવારજનોનો પણ પરિચય થયો. તેમના બંને દીકરાઓ શ્રી જીતેન્દ્રભાઈ અને શ્રી ભદ્રેશભાઈ તથા પરિવારને સંસ્કારો સિંચન કરી પોતે આદર્શ અને સુંદર જીવન જીવી ગયા. દીકરાઓ પણ પિતાશ્રીની જેમ જ સમાજપ્રેમી છે.

પોતે મહેનતકશ સ્વભાવના હતા તથા શિસ્તબદ્ધ જીવનઆદર્શના હિમાયતી રહ્યા. આખા બોલા અને સ્પષ્ટવક્તા સ્વભાવ હોવા સાથે મૃદુતા અને અન્યોને મદદરૂપ થવાનો પરગજુ સ્વભાવ ધરાવતા હતા. તેમના અવસાનથી એક ઉમદા વ્યક્તિત્વ વિલય પામ્યું છે. સ્વર્ગસ્થના દિવ્યાત્માના શ્રેયાર્થે પ્રાર્થના સહ શત શત વંદન સહ સાદર શ્રદ્ધાંજલિ.

**સંકલન : કાળીદાસ કે. પારેખ**
**પ્રોજેક્ટ કન્વીનર, ગુજરાત વાળંદ સેવા સંઘ**

**ગુજરાત વાળંદ સેવા સંઘ સદ્‌ગતને શ્રદ્ધાંજલિ પાઠવે છે.**

Printed & Published by BALUBHAI BABABHAI PAREKH on behalf of SHREE GUJARAT VALAND SEVA SANGH and Printed at NAVPRABHAT PRINTING PRESS, 9, Punaji Industrial Estate, Dhobighat Cross Road, Dudheswar, Ahmedabad-380004, and Published from VALAND VIKAS Karyalaya, Gulbai Tekra, Opp. Pankaj Vidhyalaya, Ahmedabad-380006.
Editor - JAYANTIBHAI KARSHANBHAI LIMBACHIYA